
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-
માર્ચ, ૨૦૨૦



સંગેમરમરના કલાત્મક મંદિરમાં
મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા
બિરાજ્યા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ



નવસારીની હરિયાળી ધરતી પર સંગેમરમરના નવનિર્મિત
કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો

ભવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ







'પારિવારિક શાંતિ અભિયાન'નો મંગલ પ્રારંભ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'પારિવારિક શાંતિ અભિયાન' યોજાયું છે. તા. ૧૮-૨-૨૦૨૦ના રોજ મહંત સ્વામી મહારાજે અટલાદરા ખાતે આ અભિયાનનો મંગલ પ્રારંભ કરાવ્યો ત્યારે હજારો શતાબ્દી સેવકોમાં સેવાનું જોમ વ્યાપી ગયું હતું. એ અવસરની કેટલીક સ્મૃતિછબિઓ...



દક્ષિણ ગુજરાતની ધરતી પર ગુંજે છે ભક્તિનો નાદ...



ક્રમિકા

ભગવાન શ્રી સ્વામિનારાયણ દક્ષિણ ગુજરાતમાં ધરમપુરનાં રાજમાતા શ્રી કુશળકુંવરબાની અનન્ય ભક્તિથી ધરમપુર પધાર્યા હતા. પ્રજાજનોને શ્રીહરિનાં દર્શન થાય એ માટે તેમણે રાજ દરબાર ભર્યો હતો. તેમની વિનંતીથી શ્રીહરિ સિંહાસન ઉપર બિરાજ્યા. રાજમાતાને સંતોષ થયો કે જેમનું રાજ્ય છે તેમણે સિંહાસન ઉપર બેસી તે સંભાળી લીધું છે. રાજમાતાની ઇચ્છા મુજબ રાજકુંવરે ષોડશોપચારે શ્રીહરિના ભાલમાં કેસર મિશ્રિત ચંદનની અર્ચા કરી. જરિયાની સુરવાળ, કિનખાબી જામો, બુરાનપુરી રેંટો, નંગજડિત કંઠમાળ, હેમની ઊતરી, બાજુબંધ, હેમનાં કડાં, દશે આંગળીએ વેઢ અને વીંટીઓ વગેરે શ્રીહરિને અર્પણ કરી રાજમાતાની ઇચ્છા મુજબ રાજકુંવરે સુવર્ણ મહોરનો થાળ ભેટ કર્યો.

પછી રાજમાતાએ શ્રીહરિને કહ્યું: ''મહારાજ! આપ આ રાજ્ય ન સ્વીકારો? આપનું જ આ રાજ્ય છે એવું સમજીને જ હું રાજ્યનો વહીવટ કરું છું. હવે આપ ધણી પધાર્યા તો આપને આપનું રાજ્ય પાછું સોંપી દેવા મારી ઇચ્છા છે.''

શ્રીહરિ આ સાંભળી હસ્યા. તેમણે કહ્યું: ''રાજમાતા! અનંત કોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ તો મૂળ પુરુષ છે. તેથી પર અક્ષરબ્રહ્મ છે અને અક્ષરબ્રહ્મથી પર અમે છીએ. આમાં તમારું આ પાંચસો ગામનું રાજ્ય શા હિસાબમાં? અમે રાજ્ય કરવા આવ્યા નથી, અમે તો અધર્મનું ઉત્થાન કરી ભાગવત ધર્મનું સ્થાપન કરવા પ્રગટ થયા છીએ. હજુ ઘણું કામ બાકી છે. માટે આ રાજ્ય તમે જ સંભાળો!''

રાજમાતા કુશળકુંવરબાએ કહ્યું: ''પ્રભુ! આપના શબ્દો મારા અંતરમાં ઘર કરી ગયા છે. આપની કૃપાથી આપના સ્વરૂપ સિવાય બીજી કોઈ વાસના અંતરમાં નથી. છતાં અંતકાળે આપ રક્ષા કરજો.''

કુશળકુંવરબાની ભક્તિનો એ નાદ આજેય દક્ષિણ ગુજરાતની ધરતી પર ગુંજે છે અને શ્રીહરિની અનાસક્તિની ગાથા ગાઈ રહ્યો છે...

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

સ્વામિનારાયણ પ્રકાશ

વર્ષ : ૮૨, અંક : ૩,
માર્ચ, ૨૦૨૦

સંસ્થાપક: બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
પોષક : બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા
સંસ્થાપક : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
પ્રકાશક : સ્વામિનારાયણ અક્ષરપીઠ
તંત્રી : સાધુ સ્વયંપ્રકાશદાસ
પરામર્શકો : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
સંપાદકો : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
કલાનિર્દેશક : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
વ્યવસ્થાપક: સાધુ નિખિલેશદાસ
મૂળ વાર્ષિક લવાજમ : રૂા. ૧૯૦/-
ઘટાડેલું લવાજમ : રૂા. ૧૨૫/-
પરદેશમાં લવાજમ : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહાર:
prakash@in.baps.org
'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
magazines@in.baps.org
'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

Website:
www.baps.org
magazines.baps.org

ઇતિહાસની હરિયાળી ધરતી પર મહોર્યું નવતર નગર

નવસારી



નવસારી, દક્ષિણ ગુજરાતના છેવાડે પશ્ચિમ ભાગે આવેલું એક નાનું સમૃદ્ધ નગર. ગ્રીસના પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રી ટોલેમીએ સન ૧૫૦માં પોતાના ભૌગોલિક પુસ્તકમાં વિશ્વના નકશા પર 'નરસીમા' તરીકે જે સ્થાન દર્શાવ્યું છે એ જ છે આજનું 'નવસારી'. બૉમ્બે ગેઝેટિયર દફતર નં - ૧૩માં પણ આ વાત નોંધાઈ છે. ઇતિહાસમાં નોંધાયું છે કે ૨૦૦૦ વર્ષ પૂર્વે નવસારી એક મહત્ત્વના બંદર તરીકે વિશ્વના દેશો સાથે વ્યાપારિક સંબંધો ધરાવતું હતું.

નવસારીનો અતિ સ્પષ્ટ ઉલ્લેખ સન ૬૬૯માં લખાયેલા, શ્રયાશ્રય શિલાદિત્યના તામ્રપત્રમાં મળી આવે છે. આ તામ્રપત્રમાં નવસારીનો ઉલ્લેખ, 'નાગસારિકા' તરીકે થયો છે. નવસારી તરીકે વિખ્યાતિ પામતાં પૂર્વે આ નગર નાગવર્ધન, નાગશાહી, નાગસારિકા, નવસરેહ, નાગમંડળ, પારસીપુરી વગેરે નામોથી પણ ઓળખાતું હતું.





૧૫મી સદીના સમયગાળામાં આ નગરમાં પારસીઓનું આગમન થયું. પારસીઓને અહીંની આબોહવા ઈરાનના ‘સારી’ નામના પ્રદેશની આબોહવાને મળતી લાગી. તેથી તેમણે આ નગરને ‘નઓ-સારી’ અર્થાત્ નવી-સારી નામ આપ્યું. ત્યારબાદ અપભ્રંશ થઈને આ નગરનું નામ પડ્યું - ‘નવસારી’.

નવસારી શહેરના વિકાસમાં પારસીઓનું યોગદાન અમૂલ્ય છે. અનેક શાળાઓ, કૉલેજો અને હૉસ્પિટલોની ભેટ પારસીઓએ આ નગરને આપી છે. પારસીઓની સાથે ગાયકવાડી સરકાર દ્વારા પણ નવસારી શહેરને વિશિષ્ટ ઓળખ પ્રાપ્ત થઈ છે. સયાજીરાવ ગાયકવાડની દીર્ઘ દૃષ્ટિને કારણે જ આધુનિક નવસારીને સુઆયોજિત નગર રચનાની ભેટ મળી છે. નવસારી શહેરનું સરકારી દવાખાનું, સરકારી કચેરીઓ, માર્કેટ, રેલવે સ્ટેશન આ બધું જ મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારની જ ભેટ છે.

નવસારીએ ભારતને અનેક મહામાનવોની પણ ભેટ આપી છે. ‘સ્વરાજ્ય’ શબ્દના પ્રથમ છડીદાર દાદાભાઈ નવરોજી, ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિના પ્રણેતા જમશેદજી ટાટા, ભારતના સૌપ્રથમ બેરોનેટ શ્રી જમશેદભાઈ જીજીભાઈ, મહારાષ્ટ્રના શેક્સપિયર તરીકે જાણીતા નાટ્યવિદ બાલ ગણેશ ગડકરી વગેરેની આ જન્મભૂમિ છે.

સાહિત્યના ક્ષેત્રે પણ નવસારીનું પ્રદાન આગવું છે. ગુજરાતના મહાકવિ પ્રેમાનંદે ‘રણયજ્ઞ’ આખ્યાન નવસારીમાં લખ્યું હતું. ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ નવલકથાકાર સાક્ષરશ્રી રમણલાલ દેસાઈને નવલકથા ‘ગ્રામલક્ષ્મી’ લખવાની પ્રેરણા પણ નવસારીમાંથી જ મળી હતી. સુરતના પનોતા પુત્ર વીર કવિ નર્મદે *‘સહુ ચલો જીતવા જંગ’* એ કાવ્ય સૌપ્રથમ નવસારીમાં જ લલકારેલું. પારસી કવિ માણેકજી જહાંગીરજી દેસાઈ આ જ શહેરનું ફરજંદ હતા.

આવાં અનેકવિધ ક્ષેત્રોમાં પ્રદાન આપનાર આ નગર આધ્યાત્મિક ક્ષેત્રે પણ પાછળ નહોતું. એટલે જ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની કૃપાદૃષ્ટિથી અને ચરણરજથી પણ તે વારંવાર પાવન થતું રહ્યું છે.

આવો, એ પાવન સ્મૃતિઓની અલ્પ ઝલક માણીએ...

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનો આ ભૂમિને દિવ્ય સ્પર્શ...

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી નીલકંઠવર્ણી સ્વરૂપે સમગ્ર ભારતનું તીર્થાટન કરતાં કરતાં ગુજરાતમાં પધાર્યા, ત્યારે સૌપ્રથમ દંડકારણ્ય પ્રદેશમાં પધાર્યા હતા. દંડકારણ્ય એટલે હાલનું ડાંગ. ત્યારબાદ ત્યાંથી સુરત પધાર્યા હતા. એ સમયે દક્ષિણ ગુજરાતના હરિયાળા પ્રાંત એવા નવસારીને પરબ્રહ્મના પાવન સંસ્પર્શનો પ્રથમ લાભ મળ્યો હતો.

વિક્રમ સંવત ૧૮૭૨ એટલે સન ૧૮૧૬માં ભગવાન શ્રી સ્વામિનારાયણ ધરમપુરનાં રાજમાતા શ્રી કુશળકુંવરબાના આમંત્રણનો સ્વીકાર કરી ધરમપુર જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં નવસારી પ્રાંતના આસુંદર ગામે તેઓએ રાત્રી રોકાણ કર્યું હતું. ત્યાંથી કાછિયાવાડી પાવન કરતાં કાલિયાવાડીથી નવસારીમાં પધાર્યા હતા. અહીંથી કોલવા-ચીખલી થઈ શ્રીહરિ ધરમપુર પધાર્યા હતા.

કુશળકુંવરબાના ભત્રીજી જીતબાની અત્યંત વિનંતીથી શ્રીહરિ વાંસદા પણ પધાર્યા હતા. તેમના પરિવારજનોના આગ્રહથી સર્વપ્રથમ વખત શ્રીહરિએ ચરણારવિંદની છાપ આપી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ધરમપુરના વિચરણ દરમ્યાન સાથે સંઘમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ



રાજમાતા કુશળકુંવરબાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને આ પ્રદેશમાં પધરાવ્યા એ અવસર ઇતિહાસમાં સદા અંકિત થઈ ગયો...

હતા. માર્ગમાં ઉધના ગામમાં સંઘમાં જોડાયેલા દેવાનંદ સ્વામી બીમાર પડ્યા. તેઓની સેવામાં ગુણાતીતાનંદ સ્વામી રોકાયા હતા. થોડા જ દિવસમાં દેવાનંદ સ્વામી સાજા થઈ જતાં ગુણાતીતાનંદ સ્વામી પણ ધરમપુર પધાર્યા હતા. તેથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પાદસ્પર્શથી પણ આ ભૂમિ ધન્ય બની છે.

દક્ષિણ ગુજરાતના પાંચ મુખ્ય પ્રાંતની મધ્યે નવસારી શહેર વસ્યું છે. સુરત, તાપી, વલસાડ અને ડાંગ પ્રાંતની વચ્ચે નવસારીનો શાંત પ્રાંત હરિયાળીથી શોભે છે. તેથી ધરમપુર જતાં-આવતાં બંને વખત આ ભૂમિને ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુણાતીતાનંદ સ્વામીના પાવન સંસ્પર્શનો લાભ મળતો રહ્યો છે.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પણ આ ભૂમિ પર પધાર્યા છે. વીરસદના શ્રી ઝવેરભાઈ અમીન વાંસદા રાજ્યમાં દીવાન હતા. તે સમયે દક્ષિણ ગુજરાતને છેડે કોંકણ વિસ્તારમાં શાસ્ત્રી શ્રી યજ્ઞપુરુષદાસજી (બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ) અને સંતો વિચરણ કરતાં કરતાં વાંસદા પધાર્યા હતા. શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજના અપાર મહિમાની વાતો કરીને તેમને પ્રગટ સત્પુરુષનો મહિમા સમજાવ્યો. તેથી ઝવેરભાઈ અમીનના અંતરમાં ભગતજીનાં દર્શનની તાલાવેલી જાગી હતી! શાસ્ત્રીજી મહારાજના કહેવાથી દીવાનજીએ આચાર્ય મહારાજ અને કોઠારીશ્રીને વડતાલ પત્ર લખી ભગતજી મહારાજને વાંસદા તેડાવવા વિનંતી કરી હતી. અને પરિણામે હરિભક્તો સાથે ભગતજી મહારાજ વાંસદા પધાર્યા હતા. શ્રી ભગતજી મહારાજ અહીં પધાર્યા ત્યારે દીવાન સાહેબે તેમનું ભાવપૂર્ણ ભવ્ય સ્વાગત-સન્માન કર્યું હતું. વાંસદામાં એક માસ જેટલું રોકાણ કરીને ભગતજી મહારાજે અદ્‌ભુત જ્ઞાનવાર્તાની હેલી વરસાવી હતી.

આ પ્રાંત બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પણ વારંવાર પધારીને પાવન કર્યો હતો. મંદિરો અને હવેલીના નિર્માણકાર્યમાં વપરાતા



વાંસદા રાજ્યના દીવાન શ્રી ઝવેરભાઈ અમીન



ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાએ આ પ્રાંતને વારંવાર પધારીને આધ્યાત્મિક પ્રેરણાથી ધન્ય કર્યો...

લાકડા માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અવાર-નવાર બીલીમોરા પધારતા. એ સમયે બીલીમોરાના લાકડાના વેપારી પ્રાણલાલભાઈ તથા તેમના પરિવારે શાસ્ત્રીજી મહારાજની ટાણાંની સેવા કરી રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પણ આ પ્રદેશમાં અનેકવાર પધારીને સ્વામિનારાયણીય સત્સંગનાં બીજ વાવ્યાં હતાં. સન ૧૯૬૬માં નવસારી શહેરમાં સૌપ્રથમ વખત યોગીજી મહારાજની પધરામણી થઈ હતી. તે વખતે તા. ૧૭-૯-૧૯૬૬ના રોજ નવસારીના લક્ષ્મણ હૉલમાં જાહેર સત્સંગસભાનું આયોજન થયું હતું. નવસારીમાં તે સમયે જાદવજીભાઈ, મહેન્દ્રભાઈ, લલ્લુભાઈ વગેરે થોડા સત્સંગીઓના મનમાં શંકા હતી કે હૉલ ભરાશે કે નહીં? પણ સવારે શોભાયાત્રામાં યોગીજી મહારાજના અલૌકિક પ્રભાવથી આકર્ષિત થયેલી નવસારીની ધર્મપ્રેમી જનતા એટલી મોટી સંખ્યામાં આવી પહોંચી કે બેસવાની જગ્યા ખૂટી! આ દૃશ્ય નિહાળીને તે સમયના નગરપતિ કીકુભાઈ દેસાઈએ ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, 'નવસારીના ઈતિહાસમાં આવી સભા કોઈ દિવસ થઈ નથી.'

સન ૧૯૬૮માં પણ યોગીજી મહારાજ બીલીમોરા, ઈટાળવા થઈ નવસારી પધાર્યા હતા. સંધ્યા સત્સંગસભામાં તેઓએ બ્રહ્મવાક્યો ઉચ્ચાર્યાં હતાં કે 'ભગવાન તો સોનાના મંદિર ઉગાડે પણ હરિભક્તોના દેશકાળ સુધારવા માટે સેવા ગ્રહણ કરે છે.' આ વચનોએ જ જાણે અહીં મંદિર નિર્માણનું સંકલ્પ બીજ વાવી દીધું હતું!

સન ૧૯૬૯માં યોગીજી મહારાજે નવસારીના મોટી ચોવીસી ગામમાં સિસોદ્રાના મણિલાલ દેસાઈને ત્યાં પધરામણી કરી, નવસારી ઉપર કૃપાદૃષ્ટિ કરી બીલીમોરામાં હીરાલાલભાઈના બંગલે સંધ્યા આરતી કરી વલસાડ પધાર્યા હતા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અહીં સત્સંગમંડળની સ્થાપના પણ કરી હતી. આમ, જૈફ વયે પણ નવસારીમાં ૩ વખત અને બીલીમોરામાં ૧૭ વખત પધારીને યોગીજી મહારાજે દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો.

અને નવસારી તથા સમગ્ર ક્ષેત્રમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૬૦ કરતાં વધુ વખત પધારીને આ શહેર અને ક્ષેત્રોમાં અધ્યાત્મના સિંચન માટે અપાર પુરુષાર્થ કર્યો છે. આવો, હવે પછીનાં પૃષ્ઠોમાં તેની સ્મૃતિ કરીએ...◆

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની

કરુણાગંગા



બે સદીઓથી જ્યાં સ્વામિનારાયણીય બીજ પડ્યાં હતાં એવી નવસારી અને આસપાસનાં ક્ષેત્રોની ભૂમિ પર એ બીજને મહોરાવવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે - બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે ગામડે ગામડે, ઝૂંપડે ઝૂંપડે કે વ્યક્તિએ વ્યક્તિએ ઘૂમતી હરતી ફરતી એક અજોડ આધ્યાત્મિક યુનિવર્સિટી. એમના સહજ સાંનિધ્યમાં સૌ કોઈને પવિત્ર પ્રેરણાઓનો પ્રકાશ સહેજે પ્રાપ્ત થઈ જાય.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૭૧થી નવસારી અને આસપાસનાં ક્ષેત્રોમાં અવિરત અભિયાન ઉપાડ્યું હતું - સત્સંગ જાગૃતિનું. ઠેર ઠેર વિચરતા રહેતા સ્વામીશ્રીએ સમયે સમયે અહીં પધારીને સૌને ખૂબ પોષણ આપ્યું.

યાદ આવે છે એ દિવસો, જ્યારે બી.એ.પી.એસ. સત્સંગસભા થતી હતી એક શાળામાં. આરંભિક વર્ષોમાં નવસારી હાઈસ્કૂલમાં થતી એ સત્સંગસભા ત્યારબાદ હસમુખભાઈ આચાર્યના ઘરે અને સાંઢકૂવા નજીક બાબુભાઈ આરીવાલાના ઘરે પણ થતી રહી.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ નવસારીમાં પધારે ત્યારે અહીં સત્સંગસભાનું કોઈ નિશ્ચિત્ત સ્થાન નહોતું. તેથી





નારણલાલા સાંસ્કૃતિક ભવનમાં, રામજી મંદિર હૉલ, આશાપુરી મંદિર, રંગવિહાર, ટાટા હૉલ અને લૂન્સીકુઈ મેદાન જેવાં સ્થાનોમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ સભા યોજાય અને ભાવિકો તેમનો આધ્યાત્મિક લાભ માણે.

એકવાર વિચરણ કરતાં કરતાં નવસારી પધારેલા સ્વામીશ્રી આશીર્વાદ આપતાં બોલી ઊઠ્યા હતાઃ 'આ નવસારી રસ્તાનું ગામ છે. એટલે આવતાં-જતાં સહેજે અહીં આવવાનું થઈ જાય છે. નવસારી બીજાં સત્સંગકેન્દ્રો કરતાં બહુ નાનું છે, પણ ભક્તિભાવ જબરો છે.'

બસ, આ ભક્તિભાવ સ્વીકારવા જ જાણે પરમ પૂજ્ય સ્વામીશ્રી નવસારીમાં અનેકવાર પધારી સત્સંગની અમૃતહેલી વરસાવતા રહેતા. સાથે નવસારી નજીકના બીલીમોરા, અમલસાડ, કુરેલ, ચીખલી, કબીલપોર, સરઈ, વાંસદા, ડાંગ-આહવા વગેરે અનેક ગામોમાં વિચરણ કરી સત્સંગરૂપી નાણું આપી સૌને ભક્તિથી સમૃદ્ધ બનાવ્યા છે. નવસારી શહેરમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અનેક ભક્તો-ભાવિકોના ઘરે પધરામણી કરીને તેમને ધન્ય કર્યા છે.

એક વાર નવસારીમાં સ્વામીશ્રી મંદિર માટે ભૂમિ પસંદ કરવા પધાર્યા હતા. પ્રાગજીભાઈ વાઢેર સ્વામીશ્રીની સાથે પધરામણીઓમાં જોડાયા હતા. કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાં શ્રી અમીન સાહેબ, શ્રી ભુવા સાહેબ તથા અન્ય ઘરે પધારી સ્વામીશ્રીએ જગુભાઈ સોનીના ઘરે પધરામણી કરી. નિજનિવાસે પધારીને સ્વામીશ્રીએ પ્રાગજીભાઈને પૂછ્યું કે, 'તમારા ઘરે કેમ ન લઈ ગયા?' ત્યારે તેઓએ કહ્યું કે, 'સ્વામી! હું શહેરની બહાર જલાલપોરમાં રહું છું. તેની વચ્ચે રેલવે ફાટક આવે છે, તેથી આપનો સમય પણ બગડશે અને ભીડો પણ પડશે.'



પરંતુ સ્વામીશ્રીએ સામેથી તેમના ઘરે પધરામણીએ જવાની ઇચ્છા દર્શાવી. અને બીજા જ દિવસે સ્વામીશ્રી તેમના ઘરે જવા તૈયાર થઈ ગયા. એ જ સમયે ધોધમાર વરસાદ પણ શરૂ થઈ ગયો. તેમ છતાં સ્વામીશ્રી પ્રભુદાસભાઈની ગાડીમાં બિરાજી પ્રાગજીભાઈના ઘરે પધાર્યા. પ્રાગજીભાઈ સામાન્ય પતરાંવાળી બે રૂમોમાં ભાડે રહેતા હતા. તેમાં એક રૂમમાં હીરાની બે ઘંટી ચલાવતા. સ્વામીશ્રીએ તમામ રૂમમાં પુષ્પો છાંટ્યાં. ડાયરીમાં આશીર્વાદ પણ લખી આપ્યા અને તેમને રાજી કર્યા. આમ, આવી કંઈક અગવડો વેઠીને પણ સ્વામીશ્રીએ સૌ પર કૃપા વરસાવી સૌને ખૂબ લાભ આપ્યો છે.

સન ૧૯૮૫માં સ્વામીશ્રીએ નવસારીમાં નવી ચોવીસી ખાતે હરિમંદિરનું નિર્માણ કર્યું ત્યારથી અહીં સત્સંગની અભિવૃદ્ધિ થવા



૬૦ કરતાં વધુ વખત નવસારી ખાતે પધારીને પ્રમુખસ્વામી મહારાજે અહીંના સત્સંગને નવી ગતિ આપી, સુંદર મંદિર રચીને સૌની શ્રદ્ધા-ભક્તિને અનોખું પોષણ આપ્યું. તેના પાયા પર આજે ઊભું છે ભવ્ય શિખરબદ્ધ મંદિર...

લાગી. સાથે સાથે સ્વામીશ્રીની પ્રેમલવર્ષાનો પણ સૌને સવિશેષ લાભ મળતો રહ્યો.

નવસારીના સંનિષ્ઠ ભક્તરાજ મનુભાઈ ઝવેરી પહેલાં આગ્રા રહેતા. સન ૧૯૮૭માં પરમ પૂજ્ય સ્વામીશ્રી સંતો સાથે ઉત્તરાખંડની યાત્રાએ પધારેલા તે સમયે મનુભાઈને જણાવેલું કે 'આગ્રામાં સંતો પધારશે ત્યારે રહેવા-જમવાની વ્યવસ્થા તમારે કરવાની છે.' સંજોગોવશાત્ સંતોનો આગ્રા જવાનો કાર્યક્રમ રદ થયો. એટલે મનુભાઈને વસવસો રહી ગયો કે આપણને સંતોની સેવા ન મળી. થોડા સમય બાદ સ્વામીશ્રી નવસારી પધાર્યા અને મનુભાઈને સામેથી જણાવ્યું કે 'અમે તમારા ઘરે આવીશું.' સ્વામીશ્રી મનુભાઈને ત્યાં પધાર્યા, ઠાકોરજી માટે થાળ તૈયાર કર્યો. તેમાંથી થોડું ગ્રહણ કરી, તેમનો સંકલ્પ પૂર્ણ કર્યો.

ધીરુભાઈ દિગસવાળા એક પ્રતિષ્ઠિત વ્યક્તિ, પુત્રેચ્છાથી સત્સંગમાં આવતા થયા હતા. એકવાર પરમ પૂજ્ય સ્વામીશ્રી નવસારી પધાર્યા ત્યારે તેમના ઘરે રોકાણ કર્યું હતું. તે સમયે નવસારીમાં સૌરાષ્ટ્રના ઘણા યુવાનો હીરાના વ્યવસાય માટે આવેલા. તેઓને બોલાવીને સ્વામીશ્રીએ પવિત્ર જીવન જીવવાની શીખ આપીઃ 'અહીં આપણે નોકરી ધંધા માટે આવ્યા છીએ માટે નાટક-સિનેમા ન જોવાં, વ્યસન-દૂષણથી દૂર રહેવું અને રજા હોય ત્યારે સત્સંગ કરવો.'

આ હિતવચનો દ્વારા તેઓ આજે સત્સંગમય જીવન જીવે છે અને સુખી છે. વિશેષ વાત એ બની કે ધીરુભાઈ પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી જ સત્સંગમાં આવેલા પણ સ્વામીશ્રીના યોગથી પુત્રેષણા ટળી ગઈ, જીવનનું સાચું લક્ષ્ય સમજાઈ ગયું અને અંતિમ શ્વાસ સુધી સેવા કરી, સ્વામીશ્રીનો રાજીપો કમાઈ લીધો. તેઓના મોક્ષાર્થે પરિવારે સત્સંગ પારાયણ રાખી હતી, તેમાં પણ પધારીને સ્વામીશ્રીએ ધીરુભાઈની સેવા-ભક્તિને બિરદાવી હતી.

ચંદુભાઈ પટેલ (નડિયાદવાળા) અને ચોવીસીમાં બિપીનભાઈ લલ્લુભાઈના નિવાસસ્થાને પણ સ્વામીશ્રીએ ત્રણ ત્રણ દિવસ રોકાણ કરીને સત્સંગલાભ આપ્યો છે.

સ્વામીશ્રીએ આપી દિવ્ય મૂર્તિઓની શાશ્વત ભેટ...



સ્વામીશ્રીએ નાના મોટા દરેકની સમયે સમયે સંભાળ રાખી, નિઃસ્વાર્થ પ્રેમ આપ્યો છે.

સૌરાષ્ટ્રમાંથી નવસારી આવી વસેલા હિંમતભાઈ જેઠવા અને તેમના ત્રણ ભાઈઓ સંયુક્ત પરિવારમાં રહી હીરાનું કામ કરી ગુજરાન ચલાવતા અને નિયમિત સત્સંગ સેવામાં પધારતા. એકવાર સ્વામીશ્રી નવસારી પધાર્યા હતા ત્યારે હિંમતભાઈએ





દક્ષિણ ગુજરાતનાં એ પછાત ગામોમાં ઝૂંપડાંઓમાં ઘૂમીને સ્વામીશ્રીએ સામાન્યમાં સામાન્ય લોકો પર નિઃસ્વાર્થ વાત્સલ્યની વૃષ્ટિ કરી. સ્વામીશ્રીનો એ પ્રચંડ નિઃસ્વાર્થ સ્નેહભર્યો પુરુષાર્થ આજે લાખો લોકો યાદ કરી રહ્યા છે...

સ્વામીશ્રીને વિનંતી કરી કે, 'સ્વામી! અમારા ઘરે પધારશો?'

સ્વામીશ્રીએ કહ્યું, 'કાલે જ આવી જઈશું!'

હિંમતભાઈએ જણાવ્યું, 'હું મારા ઘરનું સરનામું સંતોને આપી દઉં?'


સ્વામીશ્રી કહેઃ 'એની જરૂર નથી, અમે આવી જઈશું.'

બીજા દિવસે પરમ પૂજ્ય સ્વામીશ્રી મમતા મંદિરમાં (મૂક-બધિર નિવાસી છાત્રાલય) વિજલપુર જવાના હતા. સવારે સ્વામીશ્રીએ મહાપુરુષદાસ સ્વામીને કહ્યું કે આપણે પહેલાં એક પધરામણીએ જવું છે. અને ઘર શોધતાં શોધતાં સ્વામીશ્રી શાંતાદેવી વિસ્તારમાં આવેલા હિંમતભાઈના ઘરે પધાર્યા. તે સમયે સ્વામીશ્રીએ તેમના વ્યાવહારિક પ્રશ્નોનું સમાધાન આપી, પરિવારમાં સુખ-શાંતિ રહે તેવા આશીર્વાદ આપ્યા હતા.

આવા તો એક એક હરિભક્તના અસંખ્ય અનુભવો છે, જેમના જીવનમાં સ્વામીશ્રીની નિઃસ્વાર્થ કૃપાનો ધોધ વહ્યો છે. નવસારીના ભક્તોનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રી અનરાધાર વરસ્યા છે. નવસારી સત્સંગ મંડળના પાયાના ભક્તો મણીભાઈ (સિસોદ્રા), બિપીનભાઈ લલ્લુભાઈ, ડાહ્યાભાઈ પટેલ (ચોવીસી), મનસુખભાઈ સોની, જાદવજીભાઈ ચૌહાણ, મનુભાઈ ઝવેરી, નટવરભાઈ પૂજાભાઈ પટેલ(નટુ બાપુ), બાબુભાઈ આરીવાળા, કાંતિભાઈ ઝવેરી, દુર્લભજીભાઈ, પુરુષોત્તમભાઈ જેઠવા, ઘનશ્યામભાઈ પટેલ, મોરારભાઈ પટેલ, નાનુભાઈ દેસાઈ આદિ સર્વે પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રેમલવર્ષામાં સંપૂર્ણ ભીંજાઈને કૃતાર્થ થયા છે.

સન ૧૯૮૮ની વિદેશયાત્રા બાદ પરમ પૂજ્ય સ્વામીશ્રી નવસારી પધાર્યા હતા. ત્યારે નવસારીની સમગ્ર જનતા વતી તા. ૨૩-૧-૧૯૮૯ના દિને ટાટા હૉલમાં નવસારીની ૫૧ જેટલી સંસ્થાઓએ સ્વામીશ્રીને સન્માન્યા હતા. ખ્યાતનામ ભાગવત કથાકાર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, લોકનેતા શ્રી સી. ડી. પટેલ અને નગરપાલિકાના પ્રમુખ શ્રી એ. ડી. પટેલ વગેરે આ સન્માન સમારોહના મુખ્ય અતિથિ હતા. આ જ અરસામાં નવસારીના દલિત સમાજ દ્વારા નિર્મિત પરીક્ષિતલાલ મજમુદાર છાત્રાલયનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીએ કર્યું હતું.

અસંખ્યને સ્વામીશ્રીએ જીવનશુદ્ધિની પ્રતિજ્ઞા લેવડાવી



નવસારીનાં અનેક શૈક્ષણિક-સામાજિક-સાંસ્કૃતિક સંકુલો સ્વામીશ્રીના દિવ્ય-પ્રેમલ સ્પર્શથી પાવન થયાં છે. કૃષિ યુનિવર્સિટીના કેમ્પસમાં બંધાયેલી નૂતન પ્રાથમિક શાળાનું ઉદ્‌ઘાટન પરમ પૂજ્ય સ્વામીશ્રીએ કર્યું હતું. કેજલ હૉસ્પિટલ અને શુશ્રૂષા હૉસ્પિટલનું ભૂમિપૂજન



ઠેર ઠેર સ્વામીશ્રીએ જાહેર સત્સંગસભાઓ યોજીને આધ્યાત્મિક, સાંસ્કૃતિક, નૈતિક જાગૃતિનું એક મોજું પ્રસરાવી દીધું. તેના ફળસ્વરૂપે ચારિત્ર્યશુદ્ધ શ્રદ્ધામય એક વિરાટ સમાજ તૈયાર થયો, જેનું સૌ કોઈ ગૌરવ લઈ શકે...

સ્વામીશ્રીના હસ્તે થયું હતું. દાંડી રોડ પર આવેલ મૂક-બધિર છાત્રાલય મમતા મંદિરમાં પધારીને સ્વામીશ્રીએ બાળકોને આશીર્વાદ આપ્યા હતા. તદ્ ઉપરાંત જૈનમુનિ ચંદ્રશેખર મહારાજ દ્વારા નિર્મિત તપોવન સંસ્કારધામમાં પણ સ્વામીશ્રી પધાર્યા હતા. તે વખતે ચંદ્રશેખર મહારાજે સ્વામીશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. અહીં રહી અભ્યાસ કરતા બાળકોને પણ સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. આશાપુરીમાં 'પ્રમુખસ્વામી મહારાજ સત્સંગહૉલ' પણ સ્વામીશ્રીની સ્મૃતિમાં જ નિર્માણ પામ્યો છે.

સન ૧૯૯૭માં પરમ પૂજ્ય સ્વામીશ્રીનો ૭૭મો જન્મજયંતી મહોત્સવ ઊજવવાનો અવસર પણ નવસારીના ભક્તોને મળ્યો હતો. આ મહોત્સવની સાથે સાથે અહીં રચાયેલા બી.એ.પી.એસ. હરિમંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મનોહર મૂર્તિઓનો પુનઃપ્રતિષ્ઠા ઉત્સવ પણ સંપન્ન થયો હતો.

ત્યારબાદ અહીં બી.એ.પી.એસ. સત્સંગની અભિવૃદ્ધિ વિશેષ થવા લાગી. નવા નવા મુમુક્ષુઓ સત્સંગમાં જોડાવા લાગ્યા, અક્ષરભુવનમાં થતી સત્સંગ સભાઓ આંબાવાડીમાં થવા લાગી. સ્વામીશ્રી વારંવાર અહીં પધારે, સત્સંગ-કથાવાર્તાની રમઝટ બોલાવે, અનેક ઉત્સવોનો પણ લાભ આપે, હરિભક્તોને વ્યક્તિગત મળી મળીને તેમના જીવનમાં આવતી સમસ્યાઓને દૂર કરે, તેમનાં સંતાનોને માર્ગદર્શન ને પ્રેરણા આપે, બાળકો-યુવાનોને કૃતાર્થ કરે, પધરામણીઓ કરે... આમ, સ્વામીશ્રી અહીં અખાડો જમાવે. અહીં તેઓની ઉપસ્થિતિમાં ઝોળીપર્વની સાથે સાથે વિવિધ ઉત્સવો પણ સૌએ મન ભરીને માણ્યા છે.

સન ૨૦૦૪માં સૌ ભક્તો સુખેથી સત્સંગ-ભજન કરી શકે તે માટે નૂતન સભાગૃહની સ્વામીશ્રીએ ભેટ આપી. આ જ દિવસોમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીનો જન્મદિન હતો. પરંતુ સ્વામીશ્રીએ કડક આદેશ આપ્યો હતો કે જન્મદિનની ઉજવણીનો કોઈ જ કાર્યક્રમ ન કરવો. એટલી હદ સુધી કે 'જન્મદિવસ' શબ્દનો ઉલ્લેખ સુધ્ધાં ન કરવો! સૌએ આ આદેશને ભક્તિભાવથી શિરોધાર્ય કરી, શબ્દશઃ પાલન કર્યું હતું! આવી પણ કેટલીક સ્મૃતિઓ આપીને સ્વામીશ્રીએ નવસારીને ધન્ય કર્યું છે.

સ્વામીશ્રીએ ગરીબોનાં ઘરો ને કોઠીઓ પાવન કર્યાં



સ્વામીશ્રીનાં દિવ્ય જીવન અને વિરાટ કાર્યને બિરદાવવા માટે નવસારીના નગરજનો હંમેશાં અગ્રસર રહ્યા છે. દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન સમારોહ



નવસારીના વિશાળ પરિસરને વિકસાવવા માટે સ્વામીશ્રીએ સમયે સમયે નવા પ્રકલ્પો કર્યા.
નવસારી ખાતે નૂતન સભાગૃહનો શિલાન્યાસ વિધિ કરીને નવસારીના સત્સંગને એક વધુ આયામ આપતા સ્વામીશ્રી...

બાદ સન ૨૦૦૬માં સ્વામીશ્રી નવસારી પધાર્યા હતા. તે પ્રસંગે નવસારીની નગરપાલિકા અને સ્થાનિક વિવિધ સંસ્થાઓએ સ્વામીશ્રીનું સન્માનપત્રો અર્પણ કરી બહુમાન કર્યું હતું.

સન ૨૦૦૮માં સ્વામીશ્રી નવસારી પધાર્યા ત્યારે નૂતન શિખરબદ્ધ મંદિર રચવાનો સંકલ્પ કરીને તેમણે નવસારીના ઇતિહાસમાં એક મહાન પૃષ્ઠ ઉમેરી દીધું હતું. સન ૨૦૧૧માં સ્વામીશ્રીએ નવસારી પધારીને અહીં રચાનારા શિખરબદ્ધ મંદિર પ્રકલ્પને વિશેષ પુષ્ટિ આપીને સૌને સેવા કરવા કટિબદ્ધ કર્યા હતા. તે સમયગાળામાં નાદુરસ્ત સ્વાસ્થ્ય હોવા છતાં નિર્માણાધીન મંદિર પરિસરમાં પધારીને ભૂમિ પૂજન કર્યું હતું.

સન ૨૦૧૨માં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અમદાવાદ ખાતે નવસારીના નૂતન મંદિરની શિલાઓનું પૂજન પણ કર્યું. તે વખતે સંતોએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી હતી કે ‘સ્વામી! દિવ્ય દેહે શિલાન્યાસવિધિમાં પધારજો.’ ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું, ‘પ્રત્યક્ષ આવવાની વાત કરો ને!’ અને ખરેખર! સૌને એ વાતની પ્રતીતિ થઈ કે સ્વામીશ્રી વતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે નૂતન મંદિરનો શિલાન્યાસવિધિ થયો. અને સ્વામીશ્રી મહંત સ્વામી મહારાજ દ્વારા જ આ મંદિરનું ભૂમિપૂજન કરવા પધાર્યા છે તેવો સૌને અનુભવ થયો.

નૂતન મંદિરની યોજનાનું માર્ગદર્શન આપતા સ્વામીશ્રી



સ્વામીશ્રીએ જ અહીં આરસમાંથી ભવ્ય મંદિર રચવાનો નિર્ણય આપ્યો, અને તેઓએ જ સૌને તે માટે અપાર માર્ગદર્શન અને બળ આપ્યાં.

આજે નવસારીના ગગનમાં ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ગૌરવધજાઓ ફરકી રહી છે તેની પાછળ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થની એક ગાથા સમાયેલી છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ અહીં ખૂબ વિચરણ કરીને સૌને અપાર પ્રેરણા આપી છે.

માત્ર નવસારી નહીં, ગામડે ગામડે સત્સંગની જ્યોત જગાવનારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થની ગાથા ગાતું ભવ્ય મંદિર આવનારી અનેક શતાબ્દીઓ સુધી સૌને આધ્યાત્મિકતાનાં દિવ્ય અમૃત પાતું રહેશે...

શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, નવસારી

દક્ષિણ ગુજરાતનું અનોખું નજરાણું



દક્ષિણ ગુજરાત અને મુંબઈને જોડતા ધોરીમાર્ગ પર, નવસારી શહેરની શાન સમું ભવ્ય સંગેમરમરનું નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર હજારો મુમુક્ષુઓને નિત્ય આકર્ષી રહ્યું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે દક્ષિણ ગુજરાતને ભેટ આપેલા આ અનુપમ કલાત્મક મંદિરનાં દ્વાર પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સૌનાં કલ્યાણ માટે ખુલ્લાં મૂક્યાં છે.





સેવા, સમર્પણ અને નિષ્ઠાના ઉજાસથી ઝળહળતું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર કલાકૃતિ તરીકે તો અજોડ છે જ, પરંતુ તેની શ્વેત આભા સૌને ખૂબ પ્રભાવિત કરે છે...

દક્ષિણ ગુજરાત એટલે લીલીછમ્મ હરિયાળીથી શોભતો એક અનોખો ગુજરાતનો પ્રાંત, જ્યાં આધ્યાત્મિકતાની હરિયાળી પણ સહજ અને સ્વાભાવિક છે. અહીંનો આમ સમાજ અજ્ઞાનને કારણે વ્યસનોની બદીઓમાં ફસાયેલો છે, પરંતુ હૃદયમાં કંઈક સારું કરવાની ભાવના પણ ભારોભાર પડી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ગામડે ગામડે ઘૂમીને લાખો લોકોની એ ભાવનાઓને પોષણ આપીને તેમને સદાચારના માર્ગે વાળ્યા, તેમની શક્તિઓને રચનાત્મક માર્ગે વાળી, અને તેમને અધ્યાત્મનો સાચો મર્મ આચરણમાં મૂકવાનું શીખવ્યું.

તેના ફળ સ્વરૂપે આજે સુરત, નવસારી, ડાંગ, વલસાડ, સેલવાસ વગેરે ક્ષેત્રોમાં દક્ષિણ ગુજરાતનાં ગામડે ગામડે બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ દ્વારા એક શાંત રચનાત્મક કાર્ય અહોરાત્ર ચાલી રહ્યું છે. ઠેર ઠેર સત્સંગ મંડળો, સંસ્કારધામો, મંદિરો અને કુટિર મંદિરોની શૃંખલામાં સર્વોચ્ચ શિખર સમું સર્જન એટલે નવસારીના આંગણે રચાયેલું શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.

સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં નખશિખ સંગેમરમરમાંથી રચાયેલું આવું ભવ્ય શિખરબદ્ધ મંદિર ક્રમમાં ચતુર્થ છે. ગઢડા, નવી દિલ્હી અને અમેરિકામાં રોબિન્સવિલ ખાતે રચાયેલાં સંગેમરમરનાં શિખરબદ્ધ મંદિરો પછી એ મંદિરપરંપરાને વધુ ગૌરવ અપાવે એવું મંદિર એટલે નવસારીનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, જે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે દક્ષિણ ગુજરાતને આપેલી એક અનોખી ભેટ છે.

સમગ્ર મંદિરનું વિશાળ પરિસર કુલ ૧૧ એકરમાં ફેલાયેલું છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ સન્મુખ ઊભેલું આ મંદિર પશ્ચિમાભિમુખ મંદિર છે.

મંદિરની ચારે તરફ પરિક્રમા ફરી શકાય તેવા કુલ ચાર પથ છે, જેમાં બે જગતીપીઠનો સમાવેશ થાય છે.

સૌ પ્રથમ જગતીપીઠને તમે ગજેન્દ્રપીઠ કહી શકો. આશરે ત્રણ ફૂટ ઊંચી આ પ્રથમ પીઠમાં કલાત્મક હાથીઓની અદ્‌ભુત શૃંખલા સંગેમરમરમાં શોભી રહી છે, જે સૌના આકર્ષણનું કેન્દ્ર બની છે. વિવિધ કથાનકો દ્વારા સંપ, ભક્તિ, સેવા, આનંદમાં રહેવું વગેરે સંદેશ તેમાં ગૂંથી લેવામાં આવ્યા છે. તેની પાછળ યાત્રિકો બેસીને મંદિરની શોભાને મન ભરીને માણી શકે તેવી સુંદર બેઠકો પણ છે.

ત્યારપછી દ્વિતીય જગતીપીઠ નજરે ચઢે છે, જેના પર



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે રચાયેલા આ ભવ્ય મંદિરમાં ઠેર ઠેર મહંત સ્વામી મહારાજની પ્રેરણાઓ પણ સુંદર શિલ્પોમાં મહોરી ઊઠી છે...

સમગ્ર મંદિર ઊભું છે. આ દ્વિતીય પીઠની જંઘામાં ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને તેમની અનુગામી ગુરુપરંપરાનાં ૪૪ જીવનપ્રસંગો ઉપાડની અદ્‌ભુત મ્યૂરલ-કૃતિઓમાં શોભી રહ્યા છે.

આ જગતીપીઠ ઉપર અગ્રભાગમાં વિશાળ સોપાનપંક્તિ અને વિશાળ પોડિયમ શોભે છે. મંદિરની બંને તરફ પણ શોભતી કલાત્મક સોપાનપંક્તિઓ ઉત્તર અને દક્ષિણ તરફ ચઢવા-ઊતરવાની વ્યવસ્થા આપે છે. તેની બંને બાજુ અને પાર્શ્વભૂમાં પણ લિફ્ટની સુંદર વ્યવસ્થા એક ઘુમ્મટીની સાથે જ સાંકળી લેવામાં આવી છે.

આ સમગ્ર મંદિરની કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ નીચે મુજબ છે:

- મંદિરનાં પરિમાણ: ૨૦૫ ફૂટ લંબાઈ, ૧૮૮ ફૂટ પહોળાઈ, ૮૨ ફૂટ ઊંચાઈ
- મંદિરનાં શિખરો: ત્રણ મુખ્ય શિખરો, બે ઉપશિખરો
- ઘુમ્મટ-ઘુમ્મટીઓ: બે મહા ઘુમ્મટ, ૧૭ ઘુમ્મટીઓ
- કલામંડિત સ્તંભો: ૨૨૨
- કલાત્મક તોરણ-કમાનો: ૧૫૦
- મૂર્તિ-શિલ્પો: ૧૫૩
- પથ્થર: ૭૦,૦૦૦ ઘનફૂટ
- જગતીપીઠ: ૧૪ ફૂટ
- પોડિયમ: ૪૦ X ૪૦ ફૂટ
- પદ સંખ્યા: ૯ X ૧૩ પદ
- કુલ નિર્માણ સમય: ૭ વર્ષ

મંદિરના મુખ્ય ગર્ભગૃહ અને ઉપગર્ભગૃહોની બહાર મંડોવરો ખૂબ કલાત્મક છે. તેની જંઘામાં સંતો-ભક્તો-દેવતાઓ-અવતારોની સુંદર મૂર્તિઓ શોભે છે. ઉલ્લેખનીય છે કે મંડોવરમાં ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યો જેમના કૂખે આ પૃથ્વી ઉપર અવતર્યા છે એવા પરમ ભાગ્યવંત માતા-પિતાઓની મૂર્તિઓ પણ કંડારવામાં આવી છે.

મંદિરના અગ્રભાગમાં કલાત્મક હાથીઓ ઝૂલે છે. બંને બાજુ સુંદર બગીચાઓમાં હરિયાળીની વચ્ચે કલાત્મક ફૂલછોડની ભાત સૌને આકર્ષે છે. વચ્ચે વચ્ચે મુકાયેલાં સુંદર બાળશિલ્પો પણ યોગની પ્રેરણા આપે છે. વળી, મંદિરના અગ્રભાગમાં જલાભિષેક સાથે શ્રીહરિનાં ચરણારવિંદ સૌને દર્શન આપે છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આરંભેલા આ વિશાળ





મંદિરના મંડોવરમાં બિરાજમાન મહાન ભક્તોની મૂર્તિઓનાં દર્શન કરતાં તેમાં તલ્લીન થઈ ગયેલા મહંત સ્વામી મહારાજ. મંદિરની પશ્ચાદ્‌ભૂનું એક મનોરમ્ય દૃશ્ય...

મંદિરના નિર્માણમાં સમયે સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ ખૂબ ઊંડો રસ લઈને મંદિરને વધુ સુંદર બનાવવામાં સતત પ્રેરણાઓ આપી છે.

કેવી રીતે રચાયું આ અદ્‌ભુત મંદિર?

તેનો એક જ વાક્યમાં જવાબ આપવો હોય તો એ છે -

ગુણાતીત ગુરુહરિની પ્રેરણાથી ઉદ્‌ભવેલા સમર્પણ-સેવા-નિષ્ઠાની અજોડ શક્તિથી રચાયું છે આ મંદિર.

મંદિર ભવ્ય છે, તેમ મંદિરના નિર્માણની ગાથા પણ એટલી જ ભવ્ય અને રોમાંચક છે. સંતો-ભક્તોના ભક્તિમય પુરુષાર્થથી રચાયેલા આ મંદિરના નિર્માણની સેવાગાથાનું અહીં અલ્પ આચમન કરીએ.

આવો, તેની નિર્માણગાથા પર કરીએ એક નજર...

નવસારીના આ ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પાયામાં દાયકાઓ જૂનો અહીંનો સત્સંગ સમાયો છે. અહીં સ્મરણ થાય છે – બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમયનું. સન ૧૯૬૦ના દાયકામાં તેઓએ પ્રમુખસ્વામી મહારાજ સાથે પધારીને નવસારીને પાવન કર્યું ત્યારથી અહીંની બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિને વેગ મળ્યો હતો.

૧૯૬૧-૮૦નાં વીસ વર્ષો દરમ્યાન યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી મુંબઈથી સંતમંડળ અહીં નિયમિત આવે અને સત્સંગની પુષ્ટિ કરી જાય. પરિણામે ધીમે ધીમે સત્સંગ અભિવૃદ્ધિ પામતો રહ્યો.

પુરુષવર્ગની સાથે સાથે અહીં મહિલા ભક્તોએ પણ સત્સંગની અભિવૃદ્ધિમાં ઘણું યોગદાન આપ્યું. એમાંય શ્રી મણિભાઈ દેસાઈનાં ધર્મપત્ની અને અન્ય બહેનોના ઉત્સાહથી મોટી ચોવીસીમાં મહિલા મંડળની શરૂઆત થઈ ત્યારથી અહીં બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો. એ અરસામાં શ્રી લલ્લુભાઈ, શ્રી મનુભાઈ ઝવેરી, શ્રી ઘનશ્યામભાઈ (માત્રોજાવાળા) વગેરે હરિભક્તો પણ સત્સંગના રંગે રંગાયા. વળી, હીરા ઉદ્યોગના વ્યવસાય માટે કાઠિયાવાડમાંથી આવેલા યુવકો સત્સંગ મંડળમાં જોડાયા એટલે નવું જોમ ઉમેરાયું.

વારંવાર ખૂબ કષ્ટો વેઠતા પ્રમુખસ્વામી મહારાજે અહીં પધારીને સૌને સત્સંગની ખુમારી ચઢાવી. તેમની આજ્ઞાથી ૧૯૮૦ના દાયકામાં સાંકરીથી અવારનવાર પધારતા પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી(આચાર્ય સ્વામી) તથા પૂજ્ય નંદ-કિશોરદાસ સ્વામીએ સત્સંગ મંડળને સુવ્યવસ્થિત બનાવ્યું. દિનપ્રતિદિન મંડળનો વ્યાપ વધતો ગયો. એ અરસામાં શ્રી ડાહ્યાભાઈ સક્રિય બન્યા. પરમ પૂજ્ય સ્વામીશ્રીના સંકલ્પ મુજબ તેમણે કાળજાના કટકા સમાન પોતાની ૩૦,૦૦૦ ચોરસ ફૂટ જમીન બી.એ.પી.એસ. સંસ્થાને સમર્પિત કરીને સ્વામીશ્રીના રાજીપાની કમાણી કરી લીધી.

સન ૧૯૮૫માં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અહીં સુંદર સુવિધાયુક્ત હરિમંદિરનું નિર્માણ કરી મૂર્તિપ્રતિષ્ઠા કરી. ત્યારબાદ સન ૧૯૯૭માં આ જ મંદિરમાં સ્વામીશ્રીએ મૂર્તિઓની પુનઃપ્રતિષ્ઠા કરી. અહીંના સત્સંગને વિશેષ વેગ મળે તે હેતુથી પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી અને સંતોનો અહીં કાયમી નિવાસ થયો. સમયે સમયે નવસારીમાં સત્સંગ વિકાસ માટે મહાપુરુષદાસ સ્વામી, નારાયણપ્રસાદદાસ સ્વામી,





મંદિરની ઊંચી જગતીમાં કંડારાયેલા ભગવાન સ્વામિનારાયણથી લઈને ગુરુપરંપરાના જીવન-પ્રસંગો અદ્‌ભુત છે, તો પ્રથમ પીઠમાં ગજેન્દ્રની પ્રેરક ગાથા પણ અત્યંત આકર્ષક છે...

યોગીવત્સલદાસ સ્વામી, અ.નિ. ગોવિંદપ્રસાદદાસ સ્વામી, મુક્તનિલયદાસ સ્વામી, વિવેકભૂષણદાસ સ્વામી, અભય-દર્શનદાસ સ્વામી, મહાવ્રતદાસ સ્વામી, કિશોરમૂર્તિદાસ સ્વામી, બ્રહ્મપ્રસાદદાસ સ્વામી, મંગલપુરુષદાસ સ્વામી અને વિશ્વવિજયદાસ સ્વામીએ સત્સંગ વિચરણ કરીને ખૂબ સેવાઓ કરી.

સત્સંગનો વિકાસ વેગવંતો થતાં અહીં ભવ્ય બી.એ.પી.એસ. મંદિર અને સુવિધા સજ્જ સંકુલની આવશ્યકતા જણાઈ. તેથી પ્રમુખસ્વામી મહારાજે અહીં નૂતન મંદિર રચવાનો મહાન સંકલ્પ કર્યો.

મંદિર પરિસરના વિકાસ માટે વિશેષ ભૂમિ સંપાદનથી લઈને ખાતવિધિ સુધીનાં તમામ આયોજનોમાં પ્રમુખસ્વામી મહારાજે ખૂબ જહેમત લીધી. તેમણે અહીંની હવામાન પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને નિર્ણય આપ્યો કે સમગ્ર મંદિર આરસમાંથી રચવું છે. આ એક ઐતિહાસિક નિર્ણય હતો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ બાદ તેમના અનુગામી મહંત સ્વામી મહારાજે પણ મંદિર નિર્માણ માટે સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં. ગુરુવર્યોના આશીર્વાદ અને પ્રેરણાથી અહીં ભવ્ય મંદિરનું નિર્માણ થઈ ગયું.

આમ પસંદ થયો આરસ પથ્થર

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નવસારીમાં ભવ્ય શિખરબદ્ધ મંદિર રચવાનો સંકલ્પ કર્યો ત્યારે સૌથી પ્રથમ સવાલ એ હતો કે મંદિર કયા પથ્થરમાંથી કરવું?

એ અરસામાં સ્વામીશ્રીની પ્રેરણાથી ઠેર ઠેર રચાયેલાં શિખરબદ્ધ મંદિરો મહદ્અંશે રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી રચાયાં હતાં. ક્યાંક જેસલમેર ખાવડાનો પીળો પથ્થર પણ વપરાયો હતો. પરંતુ દક્ષિણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ વિશેષ હોય છે. તેથી ગુલાબી પથ્થરોમાંથી નિર્માણ પામેલાં મંદિરો પર ક્યારેક કાળા ડાઘ અને ભેજ લાગવાની સંભાવના વધુ રહે છે. તેથી પ્રમુખસ્વામી મહારાજે નવસારીમાં આરસ-પહાણનું મંદિર રચવાનો નિર્ણય આપ્યો. તેઓની આજ્ઞાથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ અક્ષયમુનિદાસ સ્વામી, સંજયભાઈ પરીખે આ મંદિરના સમગ્ર પરિસરનું આયોજન શરૂ કરી દીધું.

આટલા મોટા મંદિર માટે આરસ-પથ્થર શોધવાની પ્રક્રિયા પણ જટિલ હતી. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ સાથે શ્રીજીપ્રકાશદાસ સ્વામી વગેરે સંતો રાજસ્થાનમાં આરસ-પહાણની શોધખોળમાં લાગી ગયા. શોધખોળના અંતે ઉદયપુર પાસેના આગરિયા ગામમાં આવેલા આરસ-પહાણની પસંદગી કરવામાં આવી. આ આરસ-પહાણમાં બે પ્રકાર હોય છેઃ એક ભીનો આરસ-પહાણ અને બીજો સૂકો આરસ-પહાણ. ઘણી કસોટીઓ પછી આગરિયાના ભીના આરસ-પહાણની મંદિર નિર્માણ માટે પસંદગી થઈ. આરસ-પહાણની પસંદગીમાં શ્રી હર્ષદભાઈ ચાવડા, શ્રી અખિલભાઈ અને શ્રી ઘનશ્યામભાઈ સોમપુરાએ ખૂબ સહકાર આપ્યો. સાથે સાથે પૂજ્ય આચાર્ય સ્વામી, પૂજ્ય સત્સંગિજીવનદાસ સ્વામી અને પુરુષોત્તમચરણદાસ સ્વામી પણ માર્ગદર્શન આપતા રહ્યા.

આરસ-પહાણની પસંદગી બાદ તેને યોગ્ય રીતે ખાણમાંથી કાઢવામાં અને કારખાનાંઓમાં પહોંચાડવામાં



દિવસે શ્વેત કમળ જેવું શોભતું મંદિર, રાત્રીના પ્રકાશમાં વધુ અદ્‌ભુત બનીને નીખરતું હતું. રાત્રે યોજાતો ધ્વનિ-પ્રકાશ કાર્યક્રમ સૌને મંદિરના મહિમામાં ગરકાવ કરી દેતો હતો...

સ્થાનિક યુવક જિતેન્દ્રભાઈએ ખડે પગે સેવા કરી.

આ આરસ-પહાણમાં ક્ષતિ આવવાની શક્યતાઓ પણ ખૂબ હોય છે. તે સફેદ આરસ-પહાણની યોગ્ય સાઈઝ કાઢીને ક્ષતિ રહિત આરસ-પહાણ મંદિર માટે પ્રાપ્ત થાય તે માટે રાજસ્થાનના ખાણ માલિકોએ પણ ખૂબ સારો સહકાર આપ્યો.

રાજસ્થાનમાં ગરમી અને ઠંડીનું પ્રમાણ પણ ખૂબ હોય છે. આવી કઠિન પરિસ્થિતિમાં પણ સંતો-સ્વયંસેવકો ખડે પગે રહેતા. ભોજનની કોઈ અન્ય વ્યવસ્થા ન હોવાથી સવાર-સાંજ જાતે ખીચડી બનાવીને જમી લેતા. કુલ અઢી વર્ષ સુધી શ્રીજીપ્રકાશદાસ સ્વામી અને સંતોએ અહીં આવન-જાવન કરીને ભક્તિમય પુરુષાર્થ કર્યો.

એક તરફ ખાણોમાંથી આરસ-પહાણ બહાર નીકળતો અને રાજસ્થાનમાં જ તેનું ઘડાઈ કામ થતું રહ્યું અને બીજી તરફ નવસારીમાં મંદિરના ગર્ત વગેરેની કામગીરી ચાલતી રહી.


સ્થળ પર મંદિર-નિર્માણની પ્રવૃત્તિ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે તા. ૧૮-૧૧-૨૦૧૨માં મંદિરનો શિલાપૂજન વિધિ થયા બાદ એ પૂજિત શિલાઓનો ન્યાસ વરિષ્ઠ સંતોના હસ્તે સ્થળ પર કરાયો અને ત્યારથી સ્થળ પર મંદિર-નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ ગઈ.

તેમાં સૌ પ્રથમ કાર્ય હતું – મંદિરનો વિશાળ ગર્ત કરવાનું. મંદિરના સમગ્ર નિર્માણ દરમ્યાન સ્વામીશ્રીના આશીર્વાદથી સૌએ સતત અનુભવ્યું કે સમયે સમયે એવા ઉપયોગી ભક્તો-ભાવિકો-સ્વયંસેવકોનો અજોડ સાથ મળી જતો હતો. જુઓ તેનાં થોડાંક ઉદાહરણો:

જેમ કે મંદિરના ગર્તનું ખોદકામ કરવાનું હતું ત્યારે વ્યવસ્થાપકો કોન્ટ્રાક્ટરની શોધમાં હતા. એક કોન્ટ્રાક્ટર મળ્યા તેમણે જણાવ્યું કે 'આ કાર્યનો ખર્ચ આઠ લાખ રૂપિયા થાય અને તેમાં એક મહિના જેટલો સમય લાગશે.' પરંતુ નવસારીનાં બાઈ-ભાઈ સ્વયંસેવકોએ આ કાર્ય ઉપાડી લીધું. અને સૌનાં આશ્ચર્ય વચ્ચે ફક્ત ચાર જ દિવસમાં ગર્તનું ખોદકામ પૂર્ણ કરી નાંખ્યું!

ગર્તના નિર્માણ બાદ સેન્ટ્રિંગનું કાર્ય વિવેકવલ્લભદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સાદડવેલના નિલેશભાઈ અને તેમના સત્સંગ મંડળે કર્યું. આ ભક્તવૃંદ રોજ રાત્રે સાત-આઠ વાગ્યે આવી જતું અને રાત્રે ૧૨ વાગ્યા સુધી સેવા કરતું.



૨૨૨ સ્તંભો, ૧૫૦થી વધુ કમાન-તોરણો, બે સુંદર કલામંડિત ઘુમ્મટ-મંડપો, આરસના ગાલીચાઓ અને કલામંડિત છતવિતાનો બધું જ ચિત્તને સ્થિર કરી દે છે...

તેઓએ પુરુષાર્થ કરીને સેન્ટ્રિંગની ખૂબ સારી સેવા કરી.

ગર્તનું ખોદકામ વગેરે પૂર્ણ થયા બાદ તેમાં વિશાળકાય રાફ્ટ ભરવાનો હતો. ગર્ભગૃહ, કોળીમંડપ અને ઘુમ્મટ આવે ત્યાં સુધી બે ફૂટનો રાફ્ટ અને ત્યારબાદ દોઢ ફૂટનો રાફ્ટ ભરવાનો હતો. તેમાં કોઈપણ સાંધા વિના સળંગ રાફ્ટ ભરાય તો મજબૂતાઈ વિશેષ આવે. તે માટે નવસારીની બાજુના ગામ માખીંગાના અંકિતભાઈ શાહનો આર.એમ.સી. પ્લાન્ટ ઉપયોગમાં લેવાનું નક્કી થયું. તેમને આપણે વિનંતી કરી કે મંદિરની જ સામગ્રી ઉપયોગમાં લેવાશે અને મંદિરના જ સ્વયંસેવક એન્જિનિયરો જ આર.એમ.સી. પ્લાન્ટ ચલાવશે. તેમણે વિનંતીનો સ્વીકાર કરીને પોતાનો આર.એમ.સી. પ્લાન્ટ સેવામાં આપી દીધો. આ સેવા ખૂબ જ કઠિન હોય છે. તેમ છતાં મહિલા ભક્તોએ ઉત્સાહપૂર્વક આ સેવા કરી. સતત ત્રણ દિવસ સુધી સળંગ અહોરાત્ર મહેનત કરીને સૌએ આર.એમ.સી. પ્લાન્ટમાં સિમેન્ટ-ફ્લાય નાંખીને મિશ્રણ તૈયાર કરી રાફ્ટનું કાર્ય પૂર્ણ કરી દીધું!

મંદિરના પાયામાં રબલ્સનું ચણતરકામ સુરેશભાઈ કોન્ટ્રાક્ટરે સંભાળ્યું હતું. મંદિરની પવિત્રતા જળવાઈ રહે તે માટે તેમણે નિર્વ્યસની કારીગરોની શોધખોળ કરીને એ કાર્યમાં જોડ્યા. ચણતરકામના નિરીક્ષણ માટે જયંતીભાઈ સાપરિયાએ ખડે પગે રહી ખૂબ જહેમત ઉઠાવી હતી. તેઓની સાથે હેમરાજભાઈ પરમાર અને ચમનભાઈ વેગડે પણ ખૂબ સહકાર આપ્યો.

રાજસ્થાનમાં પીંડવાડામાં ઘડતર થયેલા આરસ-પહાણ નવસારી મંદિરે આવતા. તેને મંદિરમાં ગોઠવવાનું કાર્ય(ચોટક કામ) પૂજ્ય ધર્મસ્મરણદાસ સ્વામીએ ઉપાડી લીધું. પીંડવાડામાં ઘડાયેલા આરસ-પહાણને લાવવા માટે ગાંધીધામના શ્રી બકુલભાઈએ એક વર્ષ સુધી પોતાનું મોટું ટ્રેલર સેવામાં આપી દીધું હતું.

મંદિર અને વિવિધ વિભાગોમાં લાઇટની વ્યવસ્થા ખૂબ સારી થાય તે માટે પહેલેથી જ આયોજન કરવામાં આવેલું. એ વાયરિંગનું કાર્ય મહેશભાઈ ચોટલિયાએ ખૂબ સારી રીતે પૂર્ણ કર્યું.

મંદિરના નિર્માણકાર્યની સેવા માટે રોજ રાત્રે આસપાસનાં ગામોમાંથી ખૂબ મોટી સંખ્યામાં પુરુષ-મહિલા ભક્તો ટેમ્પામાં આવતાં. ટેમ્પો જે વ્યક્તિનો હોય તે સ્વખર્ચે ઈંધણ પુરાવે અથવા હરિભક્તો તેની ચુકવણી કરી દે. મંદિર દ્વારા પણ હરિભક્તોને આવવા-જવા માટે વાહનની વ્યવસ્થા

કરવામાં આવી હતી. આમ, સતત વર્ષો સુધી સ્વયંસેવકોની સેવાનો ખૂબ સહયોગ રહ્યો.

મંદિરના પથ્થરનું ચોટકકાર્ય શરૂ થયું ત્યારે મોટી સંખ્યામાં કારીગરો નવસારી આવ્યા. કારીગરોને રસોઈ બનાવવા માટે બળતણની વ્યવસ્થા કરવી પડે. આ વાતની જાણ ટાંકલ ગામના પ્રવીણભાઈ મિસ્ત્રીને થઈ અને તેમણે તુરંત બળતણની સેવા કરી. મંદિર પ્રતિષ્ઠા મહોત્સવના એક વર્ષ પહેલા જ તેઓનો અક્ષરવાસ થયો. તેમણે પોતાના અક્ષરવાસ પૂર્વે પરિવારજનોને એ સેવા ચાલુ રાખવા કહેલું. અને એ મુજબ તેમના પરિવારજનોએ એ સેવાકાર્ય ચાલુ રાખ્યું.

મંદિર-નિર્માણમાં જોડાયેલા કારીગરોની તબીબી સેવા નવસારી શહેરના ડૉ. ધર્મેન્દ્રભાઈએ કરી. તેઓ સવાર-સાંજ મંદિરે આવીને કારીગરોની વિનામૂલ્યે સ્વાસ્થ્ય-સેવા કરતા રહ્યા.

મંદિરમાં સૌના આકર્ષણનું કેન્દ્ર બનેલા ગાલીચાની ડિઝાઈન યોગીકિશોરદાસ સ્વામીએ તૈયાર કરી હતી. હરિભાઈએ તેમાં રંગ સંયોજન વગેરેની સેવા ખૂબ જ ખંતપૂર્વક કરી હતી.

મંદિરના નિર્માણમાં ઠેર ઠેર કોંક્રિટનું કાર્ય થયું. તે માટે નવસારી શહેરમાં રહેતા શ્રી જયંતીભાઈ પટેલે પોતાનું કોંક્રીટ મિલર મશીન સેવામાં આપ્યું હતું.

મંદિર પર વજનદાર પથ્થરના ચોટક કામ માટે ૧૦૦ ફૂટ ઊંચી ક્રેઈન લાવવામાં આવી હતી. એ ક્રેઈન ગોઠવવામાં મુંબઈના શ્રી યોગેશભાઈએ સાત-આઠ દિવસ નવસારીમાં રોકાઈને કાર્ય પૂર્ણ કર્યું હતું. ગમે ત્યારે ક્રેઈનમાં કંઈ પણ મુશ્કેલી આવે તો તેઓ મુંબઈથી નવસારી આવીને સેવા કરતા.

મંદિરમાં ગટર વ્યવસ્થા, વરસાદના પાણીની યોગ્ય વ્યવસ્થા વગેરે માટે લાંબી પાઈપ-લાઈન નાંખવામાં આવી છે. ધર્મસ્મરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ નવસારીના યુવકમંડળે રાત્રે જાગીને એ સેવાકાર્ય પૂર્ણ કર્યું હતું.

આ મંદિર પરિસરમાં નિર્માણ પામેલા સંતનિવાસ, પ્રેમવતી ઉપહારગૃહ, વગેરેની ડિઝાઈન બ્રહ્મચરણદાસ સ્વામી, આર્કિટેક્ટ પ્રશાંતભાઈ પરમારે કરી છે. અહીં મંદિરની આસપાસ વિકસેલા બગીચાના નિર્માણ માટે યોગીકિશોરદાસ સ્વામી અને શ્રી રાઘવભાઈએ ખૂબ જ સુંદર માર્ગદર્શન અને સહકાર આપ્યો.

મંદિરની જગતીપીઠમાં શ્રીહરિ અને ગુણાતીત ગુરુવર્યોનાં ચરિત્રોનું નિર્માણકાર્ય ઉડિસાના કારીગરોએ કર્યું. જેમાં શ્રી શંકરભાઈ શેટ્ટી અને તેમના વૃંદે ખૂબ જહેમત લીધી હતી.

મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરતું પ્રત્યેક રૂપકામ રાજસ્થાનના ડુંગરપુર અને સાગવાડા ગામમાં કરવામાં આવ્યું. તે માટે ડુંગરપુરમાં રાજુભાઈ અને સાગવાડામાં રહેતા અન્ય ભાવિકોએ ખૂબ સાથ-સહકાર આપ્યો.

મંદિરના પરિસરમાં નાના રસ્તાઓ અને અન્ય બાંધકામમાં વિવેકદર્શનદાસ સ્વામી અને ચીખલી ગામના રમણિકભાઈ, ધવલભાઈ, હર્ષદભાઈ (નવસારી), ગણેશભાઈએ ખૂબ સેવાઓ કરી હતી. સાથે સાથે રમણિકભાઈ, ધવલભાઈ, મૂકેશભાઈએ કપચી, ગ્રીટ અને આર.એમ.સી. પ્લાન્ટની સેવા કરી હતી. તેઓ તરફથી તૈયાર કોંક્રીટ જ્યારે જરૂર પડે ત્યારે મળી રહેતો.

આ મંદિર સૌના હૃદયની ભાવનાઓનું એક કેન્દ્ર બની રહ્યું હતું. એટલે સૌ ભક્તિપૂર્વક પોતાનો સહયોગ આપવા માટે થનગનતા હતા. એવું એક ઉદાહરણ એટલે છિતુકાકા. જ્યારથી મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું ત્યારથી નિર્માણના વિવિધ તબક્કાઓનું તેઓ પૂજન કરતા રહ્યા. તેઓ પોતાના ઘરેથી જ પુષ્પ, ચોખા, અગરબત્તી અને આરતી લઈને આવે અને અહીં સવારે આવીને પૂજન કરે. ગર્ત ખોદાયો ત્યારે ત્યારે ગર્તનું પૂજન, રાફ્ટનું પૂજન, ત્યારબાદ રબલ્સનું કાર્ય શરૂ થયું તો તેનું પૂજન, પ્લિન્થનું પૂજન, મંદિર પર પ્રથમ સ્તંભ મુકાયો તેનું પૂજન કર્યું, મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યાં સુધી તેઓએ આઠ વર્ષ સુધી અલગ અલગ તબક્કાઓનું પૂજન કરીને પોતાની ભક્તિ રેલાવી છે.

મંદિર-નિર્માણ સેવાકાર્યમાં સ્વયંસેવકોમાં ઉત્સાહ પ્રેરવાનું કાર્ય સંતોએ કર્યું હતું. તે માટે શ્રીજીપ્રકાશદાસ સ્વામી, આનંદકિશોરદાસ સ્વામી, વિવેકમંગલદાસ સ્વામી, મંગલનયનદાસ સ્વામી, પૂર્ણકામદાસ સ્વામી, સંતપ્રિયદાસ સ્વામી, યજ્ઞદર્શનદાસ સ્વામી, મુનિસ્મરણદાસ સ્વામી, મુનિ-ચરણદાસ સ્વામી, પ્રિયસ્મરણદાસ સ્વામી, નારાયણજીવનદાસ સ્વામી, પૂર્ણચૈતન્યદાસ સ્વામી અને ધર્મવિવેકદાસ સ્વામીએ ખૂબ સેવા કરીને ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થની સાથે સાથે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની સતત નિશ્રા અને આબાલવૃદ્ધ સૌના ભક્તિમય પુરુષાર્થથી સોળે કળાએ ખીલેલું આ મંદિર આવનારી અનેક શતાબ્દીઓ સુધી સૌની ભક્તિ અને સેવાની સુવાસ પ્રસરાવતું રહેશે.

◆


શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણજી


શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ


શ્રી ઘનશ્યામ મહારાજ


શ્રી રામ-સીતા-હનુમાનજી


શ્રી નીલકંઠવર્ણી મહારાજ


શ્રી શિવ-પાર્વતી-ગણપતિજી


બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ


બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ


બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ


બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, નવસારી


મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ



“

આ મંદિર દ્વારા સંસ્કારિતા વધશે,
આધ્યાત્મિકતા વધશે,
અને સૌને
એકાંતિક ધર્મ સિદ્ધ થશે...

”



દક્ષિણ ગુજરાતની હરિયાળી રાજધાની સમી નવસારી નગરી છેલ્લા કેટલાય સમયથી જેની પ્રતીક્ષા કરી રહી હતી એ અવસર આવી ગયો: બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ.

આ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો કળશ પોતાના કરકમળમાં ધારણ કરીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે એ મહાન પુરુષાર્થ સાર્થક કર્યો - જે ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પર્યંતની અવિરત પરંપરાએ વહાવ્યો છે, જેમાં હજારો આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોના સમર્પણની ગાથાઓ સમાઈ છે, જેમાં બી.એ.પી.એસ.ના સમર્પિત સંતોની સેવાઓનો યજ્ઞ પ્રજ્વલિત રહ્યો છે.

તા. ૨૮-૧-૨૦૨૦થી શરૂ થયેલો આ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિત્ય નવા નવા ઉન્મેષ ધારણ કરતો રહ્યો. શાનદાર શોભાયાત્રા, મહિલા સંમેલન, વિશ્વશાંતિ મહાયજ્ઞ, મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સમારોહ અને સાંસ્કૃતિ કાર્યક્રમોની શૃંખલાએ સતત ચાર દિવસ સુધી નવસારી શહેર અને આસપાસનાં ક્ષેત્રોમાં આનંદ-ઉલ્લાસ અને પવિત્રતાનું એક અનોખું મોજું પ્રસરાવી દીધું હતું.

આવો, એ પ્રતિષ્ઠા મહોત્સવના વિવિધ અવસરોની એક ઝલક મેળવીએ.

મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે નવસારીના માર્ગો પર યોજાઈ અભૂતપૂર્વ

શોભાયાત્રા



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પુરુષાર્થથી નવસારીના આંગણે રચાયેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સોળે શણગાર સજીને સજ્જ થઈ ગયું હતું. ભારતીય સંસ્કૃતિની શાન સમા આ નૂતન શિખરબદ્ધ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં થયો – મૂર્તિઓની શાનદાર શોભાયાત્રાથી.

તા. ૨૮-૧-૨૦૨૦ના રોજ અપરાહ્‌ને ૩:૦૦ વાગ્યાથી વરિષ્ઠ સંતો અને નવસારીના અગ્રણી મહાનુભાવોએ ઠાકોરજીનું પૂજન કરી નવસારીના માર્ગો પર આ શોભાયાત્રાનું મંગલ પ્રસ્થાન કરાવ્યું. આ શોભાયાત્રાએ સમગ્ર શહેરમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું. લગભગ બે કિલોમીટર લાંબી આ શોભાયાત્રામાં દેશ-વિદેશના હજારો હરિભક્તો અને નગરજનો ઉપરાંત શ્રી ડૉ. કે. સી. પટેલ (સાંસદ, વલસાડ), શ્રી પીયૂષભાઈ દેસાઈ (ધારાસભ્ય, નવસારી), શ્રી નરેશભાઈ પટેલ (ધારાસભ્ય, બીલીમોરા), શ્રી ભરતસિંહ પરમાર (મહામંત્રી, ગુજરાત પ્રદેશ ભાજપ), શ્રી મંગુભાઈ પટેલ(પૂર્વમંત્રીશ્રી) વગેરે મહાનુભાવો પણ જોડાયા હતા.

આ શોભાયાત્રામાં વિવિધ પ્રસ્તુતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. જેમાં કાષ્ઠમાંથી બનાવેલી વિશિષ્ટ જીપ, બી.એ.પી.એસ.નો ધ્વજ લઈને ચાલતાં વિવિધ વૃંદો,





હરિઓમ્ બૅન્ડ, બાઇકસવાર યુવકો, ઘોડેસવારો, કીર્તનોના તાલે ભક્તિનૃત્ય કરતા યુવકો, સુશોભિત બગીઓમાં બિરાજેલા સંતો, ઢોલ વગાડતું નાસિકનું વિશાળ વૃંદ, વિવિધ વેષભૂષામાં સજ્જ બાળકો, લેઝિમ નૃત્ય કરતા મરાઠી ભક્તો, સંતોના રથ, અંગકસરત કરતા ભક્તો, મશાલધારી યુવકો, પાવડી નામના આદિવાસી વાદ્ય અને ઢોલના તાલે ડાંગી નૃત્ય કરતાં રંભાસની બી.એ.પી.એસ. સ્કૂલના વિદ્યાર્થીઓ, સાંઢણી નચાવતા યુવકો, ઘેજ ગામનું ડાંડિયા રમતું વૃંદ, ટીમલી નૃત્ય કરતા રંભાસ સ્કૂલના વિદ્યાર્થીઓ, કીર્તન-ભક્તિ લલકારતું નવસારીનું સત્સંગમંડળ વગેરેની સાથે શોભાયાત્રામાં વહેતા કલાત્મક રથ શોભાયાત્રાની ભવ્યતામાં ઉમેરો કરતા હતા. 'સ્વામિનારાયણ' મંત્ર અંકિત પુષ્પો લઈને ચાલતું ભક્તવૃંદ, તલવારબાજી કરતાં રંભાસ સ્કૂલના વિદ્યાર્થીઓ, અમલસાડી ગામની ભજનમંડળી, ડાંગી નૃત્ય કરતા યુવકો, નવસારી શહેરનો ગુણભાવી મારવાડી સમાજ, પ્રાદેશિક નૃત્ય કરતા દાહોદના વનવાસી ભક્તો, દક્ષિણ ભારતીય વાદ્યો સાથે ઉડૂપીનું સંગીતવૃંદ, તૂર અને થાળી વગાડતું ઓણચી ગામનું ભક્તમંડળ, 'હોડી નૃત્ય' કરતું કિરમાણી ગામનું ભક્તવૃંદ વગેરેએ નવસારીના માર્ગો પર અનેરું આકર્ષણ જમાવ્યું હતું. સૌ કુતૂહલવશ થઈ આ શોભાયાત્રાને માણતા રસ્તા પર સ્થિર થઈ ગયા હતા. રસ્તે હજારો દર્શનાર્થી મુમુક્ષુઓએ આ શોભાયાત્રાને પોતાના મોબાઇલ કૅમેરામાં સંગ્રહી લીધી હતી. તો વળી, કેટલાકે પુષ્પવર્ષા કરી શોભાયાત્રાને વધાવી હતી.

અંતે મહિલા હરિભક્તોએ પણ અનેરા ઉત્સાહ-ઉમંગ સાથે શોભાયાત્રામાં ભક્તિસરિતા વહાવી હતી. મસ્તક પર કળશ ધારણ કરીને મંગળ ગીતો ગાતું મહિલાવૃંદ હિન્દુ સંસ્કૃતિની ઝાંખી કરાવતું હતું. વિવિધ કીર્તનગાન, અવનવાં પ્રાદેશિક વાદ્યોના તાલે બાલિકાઓ અને કિશોરીઓનાં નૃત્યો તેમજ બહેનોના રાસ-ગરબાએ પણ અનેરો માહોલ સર્જ્યો હતો. આમ, પુરુષ અને મહિલા વિભાગની કુલ મળીને ૧૦૨ પ્રસ્તુતિઓએ આજની શોભાયાત્રામાં અનોખી ભાત ઉપસાવી હતી.

સૌ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર હતુંઃ મંદિરમાં બિરાજમાન થનાર મૂર્તિઓના વિવિધ કલાત્મક રથો.

વૈવિધ્યસભર પ્રસ્તુતિઓની વચ્ચે મયૂરરથમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, પદ્મરથમાં શ્રી ઘનશ્યામ મહારાજ, મુક્તિનાથરથમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ ઉપરાંત કલાત્મક રથમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ, મોરપીંછ રથમાં શ્રી રાધા-કૃષ્ણદેવ, ડમરુ રથમાં શ્રી શિવપાર્વતીજી-ગણપતિજી, અન્ય એક કલાત્મક રથમાં શ્રી સીતારામ-હનુમાનજી તથા અન્ય બે કલાત્મક રથમાં શ્રી ભગતજી મહારાજ, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ અને શ્રી પ્રમુખસ્વામી મહારાજે વિરાજમાન થઈ નવસારીના નગરજનો પર કૃપાદૃષ્ટિ વરસાવી હતી.

નવસારીના માર્ગોને પાવન કરતી શોભાયાત્રા જૂના થાણા, કાલિયાવાડી, કબીલપોર, ગ્રીડ થઈને મંદિરમાં પ્રવેશી ત્યારે મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ તેનું સ્વાગત કર્યું હતું. આરતી ઉતારી ઠાકોરજી અને દેવસ્વરૂપોને ચરણે તેમણે ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું. ખૂબ વૈવિધ્યસભર અને ભક્તિસભર નગરયાત્રા નિહાળીને સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા હતા.

સર્વત્ર અક્ષરપુરુષોત્તમ મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને મંદિર મહોત્સવનો જયઘોષ ગુંજી ઊઠ્યો હતો. આ અદ્ભુત શોભાયાત્રા પૂર્ણ થઈ ત્યારે સૌ કોઈનાં હૈયાં ગાઈ રહ્યાં હતાં:

રૂડી રથની શોભા રળિયામણી, માંહી બેઠો રે નવરંગી નાથ, ધન્ય ધન્ય ભાગ્ય આ ભોમના રે... ◆

મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે જ્યાં હજારો ભક્તોએ આપી આહુતિઓ...

મહાયજ્ઞ



ભારતીય સંસ્કૃતિ યજ્ઞપ્રધાન-સંસ્કૃતિ છે.

યજ્ઞ એટલે પોતાનું જે કાંઈ છે તે પરમાર્થે અર્પણ કરવું.

મંદિરનું નિર્માણ એ એક મહાન યજ્ઞ છે. અને એટલે જ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં મંદિરોના પ્રતિષ્ઠા મહોત્સવોમાં વેદોક્ત યજ્ઞની પવિત્ર જ્યોતિ પ્રગટી ઊઠે છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં નવસારી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં યોજાયેલા વિશ્વશાંતિ મહાયજ્ઞે પણ એક અનેરું વાતાવરણ જન્માવ્યું હતું.

તા. ૨૯-૧-૨૦૨૦, મહા સુદ ૪નું મંગલ પ્રભાત માંગલિક ધ્વનિઓથી ગુંજી ઊઠ્યું હતું. પૂર્ણા નદીના કિનારે આવેલા ધારાગિરિ વિસ્તારમાં રચાયેલી વિશાળ યજ્ઞશાળામાં વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં બ્રહ્મદેવોએ યજ્ઞનો પ્રારંભિક વિધિ આરંભ્યો ત્યારથી જ સઘળું વાતાવરણ દિવ્ય બની ગયું હતું. યજ્ઞશાળામાં ૪૦૦ જેટલા યજ્ઞકુંડ રચવામાં આવ્યા હતા. ભારતીય પરંપરા પ્રમાણે માંગલિક વસ્ત્રાલંકારોમાં સજ્જ બની ૩,૬૯૪ જેટલા યજમાનો યજ્ઞવિધિમાં જોડાયા હતા.

નિયત સમયે સૌને દર્શનલાભ આપતા સ્વામીશ્રી યજ્ઞશાળામાં પધાર્યા. મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર દિવ્ય સ્વરૂપોની મનમોહક મૂર્તિઓ મુખ્ય યજ્ઞવેદિકા પર વિરાજી દર્શનદાન દઈ રહી હતી. હજારો હરિભક્તોમાં સમર્પણ ને શ્રદ્ધાનો મહાયજ્ઞ સતત પ્રજ્વલિત રાખનાર પ્રગટ બ્રહ્મસ્વરૂપ





મહંત સ્વામી મહારાજ શ્રી હરિકૃષ્ણ મહારાજને આગળ રાખી વિશ્વશાંતિ મહાયાગના મુખ્ય કુંડ પર વિરાજમાન થયા. સાથે વરિષ્ઠ સંતો પણ બિરાજ્યા હતા. શ્રુતિપ્રકાશદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મૂકેશભાઈ, વાસુદેવભાઈ અને બ્રહ્મદેવોએ યજ્ઞનો વિધિ આરંભ્યો. વેદમંત્રોથી વાતાવરણ મંગલકારી બની ગયું હતું. વિધિના ભાગરૂપે નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી(આચાર્ય સ્વામી)એ સ્વામીશ્રીના ભાલે સ્વસ્તિ-તિલક કર્યું. શ્રીજીપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીના કાંડે નાડાછડી બાંધી. ત્યારપછી સ્વામીશ્રીએ મૂર્તિઓની નીચે મૂકવામાં આવનાર યંત્રોનું પૂજન કર્યું. વિધિને અનુસરતા સ્વામીશ્રીએ પ્રત્યેક મૂર્તિ પાસે પધારી ચંદન-અક્ષતથી મૂર્તિઓનું પૂજન કરી આરતી ઉતારી. વરિષ્ઠ સંતો પણ આ પૂજનવિધિમાં જોડાયા હતા. સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરેલા અક્ષત દ્વારા ભક્તિપ્રિયદાસ સ્વામીએ યજમાનો પર આશીર્વર્ષા કરી હતી.

પ્રારંભિક વિધિ બાદ સ્વામીશ્રીએ સૌ યજમાનોને આશીર્વાદથી કૃતાર્થ કરતાં કહ્યુંઃ ''આ મંદિર નાજુક છે. પાતળા થાંભલા છે એટલે દર્શન ભવ્ય થાય છે. શ્રીજીમહારાજથી લઈને આજ સુધી ચાર મંદિર આરસનાં થયાં છે, તેમાં એક આ નવસારીનું મંદિર છે. એટલે અહીં ખૂબ જાહોજલાલી છે જ, પણ હજુ ખૂબ વધશે ને બધા તને-મને-ધને સુખી થશે, મન-કર્મ-વચને સેવા કરશે. ભગવાનને જેટલું આપો એનાથી અનંતગણું આપણને પાછું મળે છે. પદાર્થની રીતે ન મળે, પણ મોક્ષના રૂપમાં મળે, જે આપણે જોઈએ છે. આપણે અનંત -કાળથી માયામાં ફસાયા છીએ. એમાંથી મુક્તિ થાય અને મોક્ષમાર્ગે આગળ વધીએ એ મુદ્દો છે. આપણો ભક્તિભાવ, ભગવાનની ઉપાસના, નિષ્ઠા, એમની આજ્ઞાનું પાલન એ બધું થાય તો મોક્ષમાર્ગ સરળ છે.''



આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ યજ્ઞકુંડમાં અગ્નિ સ્થાપન કરી શેષવિધિનો આરંભ કરાવ્યો હતો. વિધિમાં જોડાઈ યજમાનોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પી કૃતાર્થતા અનુભવી હતી.

આજના યજ્ઞ માટે ભૂમિ સંપૂર્ણ સેવામાં આપનાર કાદરભાઈ શેઠ, જીતુભાઈ પોપટ અને ભૂપતભાઈ પોપટ વતી અહીં ઉપસ્થિત જીતુભાઈ પોપટને સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા હતા.

મોડી સાંજે યોજાયેલી 'સ્વયંસેવક સભા'માં વિવેક-સાગરદાસ સ્વામીએ સૌને પ્રેરણાવચનોનો લાભ આપ્યો હતો. સ્વામીશ્રીએ સ્વયંસેવકોને ભોજનદર્શન આપ્યાં હતાં. વિવેકસ્વરૂપદાસ સ્વામી તથા અન્ય સંતો-કાર્યકરોએ સેવાકાર્યોનો અહેવાલ આપ્યો. વિશેષમાં જણાવ્યું કે 'સંપથી ખૂબ સારું કાર્ય થઈ રહ્યું છે. મહિલા વિભાગ માટે તાત્કાલિક ઉતારો તૈયાર કરવાની વાત આવી તો બધા સંપથી એવા મંડ્યા કે ફક્ત ૨૪ કલાકમાં ૪૦૦ બહેનોના ઉતારા તૈયાર કરી દીધા!'

સંપ અને સેવાભાવનાની વાત સાંભળી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા હતા. સેવામાં જોડાયેલા સંતો તથા સ્વયંસેવકો પર આશીર્દૃષ્ટિ કરી હતી.

વળી, આજે યોજાયેલા ભક્તિસંગીતના કાર્યક્રમમાં સંગીતજ્ઞ સંતો તથા યુવકોએ કીર્તનભક્તિની રંગત જમાવી સૌને ભક્તિ -રસમાં તરબોળ કરી દીધા હતા. ◆

સંગેમરમરના કલાત્મક મંદિરમાં મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા

મૂર્તિપ્રતિષ્ઠા



પાતાળમાંથી શ્વેત પદ્મની જેમ ખીલી ઊઠેલું, બેનમૂન કલા-કોતરણીયુક્ત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પોતાનાં અંગોમાં દેવ-સ્વરૂપોને ધારણ કરવા સજ્જધજ્જીને તૈયાર હતું.

તા. ૩૦-૧-૨૦૨૦ એટલે વસંતપંચમીનો પરમ પવિત્ર દિન! પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રદત્ત 'શિક્ષાપત્રી'નો પ્રાકટ્ય દિન! ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો પણ પ્રાકટ્ય દિન!

આજનો પવિત્ર દિન નવસારીના લલાટે નૂતન તિલક કરવા ઉદય પામ્યો હતો. સમગ્ર દક્ષિણ ગુજરાતનાં સત્સંગ-કેન્દ્રો માટે આજનો દિવસ ભક્તિભર્યો અને હર્ષોલ્લાસનો હતો. હરિભક્તો-સ્વયંસેવકોના સમર્પણ ભાવથી અહીં નિર્માણ પામેલા સંગેમરમરના ભવ્ય કલાત્મક શિખરબદ્ધ મંદિરમાં આજે ગુણાતીત સત્પુરુષ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, અવતારો-દેવો, ગુરુપરંપરાની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થવાની હતી. સન ૧૯૯૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રાણ-પ્રતિષ્ઠિત થયેલી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ નૂતન મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠિત થવાની હતી. આ ઉપરાંત અન્ય નૂતન મૂર્તિઓ પણ સ્વામીશ્રીના





હસ્તે પ્રતિષ્ઠિત થવાની હતી. આ પ્રતિષ્ઠા વિધિમાં સહભાગી બનવા ઊમટેલા હજારો હરિભક્તોથી મંદિરનું પ્રાંગણ છલકાતું હતું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓના પ્રાણ જેમાં સ્થાપિત કરવામાં આવ્યા એ કળશોનું પૂજન કરી સ્વામીશ્રીએ આરતી ઉતારી. ત્યારબાદ 'કળશયાત્રા' દ્વારા મંદિરની પાંચ પ્રદક્ષિણાઓ કરી વરિષ્ઠ સંતો મૂર્તિઓનાં ન્યાસ, ચાલન અને સ્નપન વગેરે વૈદિક વિધિમાં જોડાયા. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને અન્ય સંતોએ મહાપૂજાવિધિ કર્યો હતો.

પરમ પૂજ્ય સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિ માટે પધાર્યા. તે પૂર્વે હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરીને સ્વામીશ્રીએ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારનું પૂજન કર્યું અને નાડાછડી છોડી મંદિર પરિસરનું વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું. જયજયકારો ગુંજી ઊઠ્યા. ખાનદેશી 'પ્રમુખરાજ બૅન્ડ'ની સૂરાવલીઓથી ગગન ભરાઈ ગયું. અહીંથી શ્રી હરિકૃષ્ણ મહારાજને કરમાં ગ્રહી સ્વામીશ્રી ભગવાન સ્વામિ-નારાયણનાં વિશાળ ચરણારવિંદ સમક્ષ પધાર્યા. તેના પર પુષ્પ અને અક્ષત પધરાવી પૂજન કર્યું. પ્રતિષ્ઠાનો ઉદ્‌ઘોષ કરતા ફુગ્ગા ગગનગામી કર્યા. નાદસ્વરમ્ વગેરે દક્ષિણ ભારતીય વાદ્યો માંગલિક વાતાવરણને વધુ માંગલિક બનાવી રહ્યાં હતાં.



સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રીએ પ્રદક્ષિણા પથમાં શિલાલેખનું અનાવરણ કર્યું.

ત્યારબાદ પ્રતિષ્ઠાવિધિ માટે સ્વામીશ્રી મંદિરના મધ્યખંડમાં પધાર્યા. પારંપરિક વસ્ત્રો પરિધાન કરીને યજમાન હરિભક્તો પણ મંદિરના વિશાળ છત્ર તળે પોતાના સ્થાન પર બિરાજમાન થયા હતા. પુરોહિતો તેમજ શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને સાથી સંતોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીના વરદહસ્તે મધ્યખંડમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનો પ્રતિષ્ઠા વિધિ આરંભ્યો. જુદા જુદા શિખરતળે બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી નીલકંઠવર્ણી, શ્રી ભગતજી મહારાજ, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ, શ્રી પ્રમુખસ્વામી મહારાજ, શ્રીરામ પરિવાર, શ્રી શિવ પરિવાર વગેરે વિવિધ આરાધ્ય સ્વરૂપોની સમક્ષ જુદા જુદા વરિષ્ઠ સંતો વિધિમાં જોડાયા અને સ્વામીશ્રીને સમાંતરપણે અનુસરતા રહ્યા. સ્વામીશ્રીએ દર્ભશલાકાથી મૂર્તિઓનો ન્યાસ કર્યો. જમણા હાથનો અંગૂઠો મૂર્તિઓના હૃદયને સ્પર્શાવી તેમાં પ્રાણ-આહ્‌વાન કર્યું. અક્ષતથી અક્ષરપુરુષોત્તમ મહારાજને વધાવ્યા.

બરાબર ૧૧-૦૬ વાગે સ્વામીશ્રીએ સુવર્ણ શલાકા વડે મૂર્તિઓનાં નેત્રોમાં મધુ-અંજન કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીએ દર્પણ ઠાકોરજી સમક્ષ ધરીને





નવસારીના વિશાળ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પરિસરને વેદોક્ત વિધિપૂર્વક ખુલ્લું મૂકતાં મહંત સ્વામી મહારાજે મુખ્ય દ્વારની નાડાછડી છોડી અને મંદિરના પ્રાંગણમાં સ્થાપિત શ્રીહરિનાં ચરણારવિંદને પ્રતિષ્ઠિત કર્યાં...

ઠાકોરજીની પ્રથમ દૃષ્ટિ આદર્શમાં ઝીલી. ત્યારપછી સ્વામીશ્રીએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરીને પ્રત્યેક મૂર્તિનું પ્રતિષ્ઠા-પૂજન કર્યું. અભિષેક મંડપમ્‌માં શ્રી નીલકંઠવર્ણીનું પૂજન કરી કેસરજળ વડે પ્રથમ અભિષેક કર્યો હતો. અહીં જ પધરાવવામાં આવેલી શ્રી ગુરુપરંપરાની મૂર્તિઓનું પ્રતિષ્ઠા-પૂજન કર્યું.

આજના શુભ દિને આશીર્વચન પાઠવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''બધા તને-મને-ધને સુખી થાય તેવી શ્રીજી-મહારાજ પાસે માંગણી છે. ભગવાને આટલી બધી કૃપા કરી છે, અને એમના વડે જ બધું થાય છે. આજના દિને પ્રાર્થના કરીએ કે બધા તને-મને-ધને સુખી થાય અને સત્સંગની વૃદ્ધિ થાય. આવાં મંદિર થયાં છે. તેના વડે સત્સંગમાં સંસ્કારિતા ખૂબ વધશે, આધ્યાત્મિકતા વધશે અને એકાંતિક ધર્મ બધાને સિદ્ધ થશે.''

આશીર્વચનની સમાપ્તિ બાદ મંદિરનાં દ્વાર ઉદ્‌ઘાટિત થયાં. ખૂબ સુંદર વાઘામાં શોભતી નયનરમ્ય મૂર્તિઓ દર્શનદાન આપી રહી હતી. પ્રત્યેક ખંડમાં ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ગોઠવાઈ ચૂક્યો હતો. ઝાલર-નગારાના નાદ વચ્ચે સ્વામીશ્રીના હસ્તે પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઊતરી ત્યારે સર્વત્ર જયજયકાર થઈ રહ્યો હતો.

આ અવસરે હેલિકૉપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરી ભગવાનનાં દિવ્ય સ્વરૂપોને વધાવવામાં આવ્યાં હતાં. પ્રતિષ્ઠા નિમિત્તે વિશેષ વ્રત-તપ કરનાર સંતો-ભક્તોને સ્વામીશ્રીએ આજથી તે નિયમોની પૂર્ણાહુતિ કરવાની આજ્ઞા કરી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોનાં કરકમળો દ્વારા દક્ષિણ ગુજરાતની ધરા પર પ્રતિષ્ઠિત થયેલું સંગેમરમરનું આ ભવ્ય મંદિર ભારતીય સંસ્કૃતિની શાન વધારનારું બની રહ્યું છે.

પ્રાસંગિક સમારોહ

મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવનો મુખ્ય સમારોહ સાંજે પાંચ વાગે યોજાયો હતો. નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલી પાવનકારી મૂર્તિઓનાં દર્શન કરીને હજારો હરિભક્તો અક્ષરવાડીમાં સાંજે ૫-૦૦ વાગ્યે યોજાયેલ આ મુખ્ય પ્રાસંગિક સમારોહનો લાભ પ્રાપ્ત કરવા આવી પહોંચ્યા. બી.એ.પી.એસ. અક્ષરવાડીનું પ્રાંગણ હરિભક્તોથી હકડેઠઠ ભરાઈ ચૂક્યું હતું. મુખ્યમંચની પાર્શ્વભૂનાં કલાત્મક શિખરોની વચ્ચે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓ દર્શનદાન આપી રહી હતી. મધ્યમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ અને આજુબાજુ વડીલ સંતો આસનસ્થ હતા. ચોતરફ હરિયાળી, અરબી સમુદ્ર તરફથી આવતી હળવી શીતલહેરો અને ઢળતા સૂર્યનાં કિરણોના પ્રકાશની કુદરતી શોભા વચ્ચે સભાની શરૂઆત સંતોએ ધૂન-પ્રાર્થનાગાનથી કરી.

પ્રારંભમાં શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ 'ઉપાસનાનાં મંદિરોના નિર્માતા-શાસ્ત્રીજી મહારાજ' વિષયક વક્તવ્યનો લાભ આપ્યો. ત્યારબાદ વિવેકસ્વરૂપદાસ સ્વામીએ 'સમાજમાં અનેકવિધ દૂષણો દૂર કરનાર મંદિર', પ્રભુ-ચરણદાસ સ્વામીએ 'ભક્તિ અને શ્રદ્ધાનું પોષક મંદિર', આત્મસ્વરૂપદાસ સ્વામીએ 'ભારતીય અસ્મિતા જગાડનાર મંદિર' અને વિવેકસાગરદાસ સ્વામીએ 'આધ્યાત્મિક શક્તિનું સિંચન કરનાર મંદિર' વિષયક વક્તવ્યો દ્વારા મંદિર મહિમા દૃઢાવ્યો હતો. વક્તવ્યોને સાંકળતાં પરિસંવાદ અને ભક્તિનૃત્ય પણ પ્રસ્તુત થયાં હતાં.

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ જણાવ્યું કે ''ભગવાન અને સંતનાં ચરણમાં જવાનું માધ્યમ મંદિર છે. મંદિર નવધા ભક્તિનું કેન્દ્ર છે. સાંસારિક જીવનમાં અનેક પ્રશ્નો આવે ત્યારે મંદિરમાં ભગવાનની સમક્ષ ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરીએ તો ભગવાન દુઃખ દૂર કરે છે અને જીવનમાં શાંતિ થઈ જાય છે. મંદિરમાંથી બાળકો-યુવાનોને સંસ્કાર અને સદાચારની પ્રેરણા પ્રાપ્ત થતાં ભગવાન અને સંતનો મહિમા દિન-પ્રતિદિન વૃદ્ધિ પામે છે. નવસારી અને આજુબાજુનાં ગામોના હરિભક્તોને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે શિખરબદ્ધ મંદિરની ભેટ આપી છે તો અહીં બધા સત્સંગ-દર્શન અને ઉત્સવોનો લાભ લેતા રહેજો.''

પૂજ્ય ડૉક્ટર સ્વામીએ શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલી ઉપાસનાને દૃઢાવીને આગળ જણાવ્યું હતું કે ''આપણે ઘરને મંદિર બનાવવાનું છે. તેમાં નિત્ય દર્શન, આરતી, થાળ અને કથાવાર્તા કરીને જીવનમાં સત્સંગ અને ઉપાસના વધુ દૃઢ કરવાની છે. 'અનંતકોટિ બ્રહ્માંડના રાજા ભગવાન મારા ચૈતન્યના વિશે બિરાજમાન છે' - આ સમજણથી શરૂઆત કરીશું તો આપણું જીવન કંઈક જુદું બનશે, આ મંદિર વધુ આદર્શ બનશે. અહીં સેવા કરનાર હરિભક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ.''

આજના પ્રાસંગિક સમારોહમાં શ્રી અનિલભાઈ નાયક (ચૅરમૅન, એલ. એન્ડ ટી. કંપની), શ્રી જી. એસ. ડામોર (સાંસદ, ઝાબુઆ-મધ્યપ્રદેશ), શ્રી પીયૂષભાઈ દેસાઈ (ધારાસભ્ય, નવસારી), શ્રી નરેશભાઈ પટેલ (ધારાસભ્ય, ગણદેવી), શ્રી ભરતભાઈ પટેલ (ધારાસભ્ય, વલસાડ), શ્રી અરવિંદભાઈ પટેલ (ધારાસભ્ય, ધરમપુર), શ્રી ભરતસિંહ પરમાર (ભાજપ મહામંત્રી, ગુજરાત), વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા. તેઓને ભક્તિપ્રિયદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ પુષ્પહાર અને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માન્યા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

શ્રી અનિલભાઈ નાયકે પોતાની હૃદયોર્મિઓ વહાવતાં કહ્યું: 'આ સંસ્થા સાથે મારે જૂનો સંબંધ છે. પ્રમુખસ્વામી મહારાજ દર મહિને એક મંદિર બાંધતા. તેમાંથી મને હૉસ્પિટલ, સ્કૂલ વગેરે જેવાં સામાજિક કાર્યો કરવાની પ્રેરણા મળી હતી. પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવતાં મને એવું લાગતું કે ભગવાન એમના રૂપમાં પૃથ્વી પર ઊતરી આવ્યા છે. નહીંતર મને આટલી પ્રેરણા અચાનક કેમ મળે? મારા પર હંમેશાં પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ રહ્યા છે અને અત્યારે મહંત સ્વામી મહારાજ પણ એ જ રીતે મને આશીર્વાદ આપી રહ્યા છે. પ્રમુખસ્વામી મહારાજમાં જોયું હતું તેવું જ તેજ અત્યારે હું મહંત સ્વામીમાં જોઈ રહ્યો છું. હું જ્યારે પણ બી.એ.પી.એસ.ના મંદિરમાં જાઉં છું ત્યારે મને અદ્‌ભુત અનુભવ થાય છે. અને જ્યારે આ મંદિર જોયું ત્યારે લાગ્યું કે આવું કામ ભાગ્યે જ કોઈ કરી શકે!'

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં નવસારી ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો શાનદાર સમારોહ યોજાયો, જેમાં વરિષ્ઠ સંતો અને અનેક મહાનુભાવોએ આ દિવ્ય કાર્યને બિરદાવ્યું...





નવસારી અને આસપાસનાં ક્ષેત્રોનાં હજારો આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષોએ આ નવનિર્મિત મંદિરની દર્શનયાત્રા કરીને મહોત્સવની ચરમસીમા સમા મુખ્ય પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લીધો અને મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યને માણ્યું...

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત ડાંગ જિલ્લાના રંભાસ ખાતેની આશ્રમશાળા ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. આજે મહંત સ્વામી મહારાજે આ શાળામાં નિર્માણ પામનાર નૂતન સંકુલનો મંગલ પ્રારંભ કરાવી 'વનવાસી ઉત્કર્ષ'ના એક વધુ નૂતન પ્રકલ્પનો પ્રારંભ કર્યો હતો.

આજના દિવસે સ્વામીશ્રીના હસ્તે કેટલાંક નૂતન પ્રકાશનો ઉદ્‌ઘાટિત થયાં. જેમાં, 'નવસારી મંદિર' સ્મરણિકા, અંગ્રેજી ભાષાંતરિત 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે', કવિ કુલગુરુ કાલિદાસ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત 'મુંડકોપનિષદ સ્વામિનારાયણ ભાષ્ય' (અંગ્રેજી અનુવાદિત ગ્રંથ), 'સ્વામિનારાયણ સિદ્ધાંત સુધા'ની ચૂંટેલી ૧૮૫ કારિકાઓનું અંગ્રેજી ભાષાંતર વગેરે પુસ્તકોનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું. આજના અતિ આનંદના અવસરને વધાવતાં બાળ- યુવાવૃંદે *'જય બોલો જય બોલો મંદિરની...'* ઉમંગભર્યું ભક્તિનૃત્ય કરીને મંદિર-નિર્માણને વધાવ્યું. તે દરમ્યાન સંતોએ કલાત્મક હાર સ્વામીશ્રીને અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

અંતમાં સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આજે શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા અને આ મંદિર પણ થયું. શાસ્ત્રીજી મહારાજ કહેતા: 'મારો જન્મ મંદિર માટે જ છે.' એટલે આ જુગલબંધી સરસ થઈ ગઈ! શાસ્ત્રીજી મહારાજે બધાને દૃઢ કરાવ્યું: 'મંદિરથી શ્રદ્ધાના દીપ પ્રગટે છે.' અહીં મંદિરમાં એવી સમજણ આપવામાં આવે છે કે ભગવાન જે કરે તે સારા માટે. હજારો હરિભક્તોને આવી સમજણ છે. આવી સમજણથી જીવન જીવવાનું બળ મળે. તેનાથી જીવન દૃઢ, મજબૂત બને અને શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન પ્રવર્તાવ્યું છે તે એકદમ પાકું થાય.

મંદિરથી સૌમાં શ્રદ્ધા ખૂબ પ્રગટે છે. મંદિરોમાં એવી સમજણ આપવામાં આવે કે જેણે કરીને સાવ ગરીબ, ફાટેલું-તૂટેલું લૂગડું હોય તોય તે અંતરે ખૂબ સુખી રહે, ભલે ગમે તેવી પરિસ્થિતિ હોય. જ્ઞાન વડે, સમજણ વડે એને કોઈ દુઃખ રહેતું નથી. આવી સમજણ શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવી છે. અને યોગીબાપા, પ્રમુખસ્વામી મહારાજ બધાએ પરંપરામાં આ સમજણ અને જ્ઞાન દૃઢ કરાવ્યું છે. જેણે કરીને ભક્તો ગમે તેવી પરિસ્થિતિમાં હંમેશાં સુખી રહે છે, તેમને બળ રહે છે અને જીવન જીવવાની હિંમત રહે છે.''

આમ, વસંતપંચમીનું પર્વ સંપ્રદાયના ઇતિહાસની અનેક ગાથાઓને ગાઈ રહ્યું છે તેમાં એક વધુ સુવર્ણપૃષ્ઠ ઉમેરાઈ ગયું. ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત શ્રી અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્ય પર્વે, નવસારીની ધરા પર અક્ષર-પુરુષોત્તમનો જયનાદ કરતું અભૂતપૂર્વ શિખરબદ્ધ મંદિર રચાઈ ગયું, તેનો હર્ષ દક્ષિણ ગુજરાતના અસંખ્ય હરિભક્તોના રોમેરોમમાં વ્યાપી ગયો... ◆



નૃત્યનાટિકા: 'સુવર્ણ તવારીખે નવસારી'

નવસારીના સ્વામિનારાયણીય સત્સંગની એક સુવર્ણ તવારીખ છે. સુરતના આબરૂદાર રુઆબદાર પારસી અધિકારીશ્રી અરદેશર કોટવાલ અને પારસી લેખક શ્રી સોરાબજીના વાર્તાલાપમાંથી જન્મેલી એ સુવર્ણ તવારીખની એક અદ્‌ભુત નાટ્ય-પ્રસ્તુતિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં થઈ ત્યારે સૌ ૨૦૦ વર્ષના ઈતિહાસમાં ગરકાવ થઈ ગયા હતા. તા. ૨-૨-૨૦૨૦ની સંધ્યાએ નવસારીમાં અક્ષરવાડી ખાતે એ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ - 'સુવર્ણ તવારીખે નવસારી' માણીને સૌ કોઈ દંગ થઈ ગયા હતા.

નવસારીના સ્વામિનારાયણીય ઈતિહાસનાં એક પછી એક ઉદ્‌ઘાટિત થતાં પૃષ્ઠો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણથી માંડીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ સુધીનો ૨૦૫ વર્ષનો રોચક ઈતિહાસ જીવંત થઈ ઊઠ્યો હતો. નૃત્યનાટિકામાં ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યો દ્વારા કૃપાવર્ષા, નિષ્ઠાવાન ભક્તોની ગાથા, કિસ્મત બંગલાનું કિસ્મત, લક્ષ્મણહૉલમાં ઐતિહાસિક સભા, ડાહ્યાભાઈ દ્વારા ભૂમિદાન, સન ૧૯૮૫માં પ્રતિષ્ઠા ઉત્સવ, મંદિરો દ્વારા માનવસર્જન ગાથા, નૂતન મંદિરના નિર્માણમાં સ્વયંસેવકોની ગાથા વગેરે સુંદરતાથી ગૂંથાયું હતું.

અસરકારક સંવાદો, ભક્તિનૃત્યો, ઐતિહાસિક વીડિયો સ્મૃતિઓ, સ્વાનુભવ કથનો, કીર્તનો વગેરેના સુંદર સંયોજનથી નવસારીનો ગૌરવપ્રદ અને રસપ્રદ ઈતિહાસ તાદૃશ બની ઊઠ્યો હતો. બી.એ.પી.એસ. મંદિર અને સત્સંગ કેન્દ્રો દ્વારા આજુબાજુનાં ગામોના હજારો લોકોમાં શ્રદ્ધા અને સદાચારનાં મૂલ્યોનું સિંચન થયું છે. પરિણામે સમજણયુક્ત, ચારિત્ર્યયુક્ત માનવોનું સર્જન પણ થયું છે, તેના પ્રસંગો પણ અહીં જીવંત થઈ ઊઠ્યા હતા.

પ્રસ્તુતિ બાદ આશીર્વાદ વરસાવતાં મહંત સ્વામી મહારાજે પ્રસન્નતાપૂર્વક જણાવ્યું હતું કે ''શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલો સિદ્ધાંત - અક્ષર અને પુરુષોત્તમનું કાર્ય અટકશે નહીં. એટલે આપણે બધાએ એમાં ભળી જવાનું છે. આ સિદ્ધાંત હૃદયમાં ધારીને પૂજા-પાઠ-પ્રદક્ષિણા-દંડવત બધું કરવું. મંદિરે આવો, દર્શન કરો પણ બધું સ્મૃતિ સાથે. આપણને બાપાની સ્મૃતિ થાય તે રીતે કરવાનું.''

ખૂબ વ્યસ્તતા વચ્ચે નૃત્યનાટિકાનું લેખન કરનાર કોઠારી પૂર્ણકામદાસ સ્વામી, સંવાદમાં ભાગ લેનાર ૧૨૦ બાળકો-યુવાનો અને ભક્તો પર સ્વામીશ્રીએ ખૂબ આશીર્વાદ વરસાવ્યા હતા. સતત અઢી કલાક સુધી રજૂ થયેલી આ અવિસ્મરણીય નૃત્યનાટિકાની અદ્‌ભુત પ્રસ્તુતિએ ઉપસ્થિત ૧૩,૦૦૦થી વધુ હરિભક્તોને ઐતિહાસિક સ્મૃતિઓમાં વિહરતા કરી દીધા હતા. ◆

મંદિર નિર્માણકાર્યના સહયોગીઓનો અભિવાદન સમારોહ

તા. ૭-૨-૨૦૨૦ની ઢળતી સંધ્યાએ મંદિરના પ્રાંગણમાં આ મંદિર નિર્માણકાર્યમાં અનન્ય સેવા-સહયોગ આપનાર ભક્તોનો અભિવાદન સમારોહ યોજાયો હતો. મંદિરના પોડિયમ પર મહંત સ્વામી મહારાજ બિરાજ્યા હતા. ઉપરના પોડિયમ પર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓ દર્શનદાન દઈ રહી હતી. પાર્શ્વભૂમાં સંગેમરમરનું શ્વેત મંદિર શોભી રહ્યું હતું. ગગનમાં ખીલી ઊઠેલા ચંદ્રની શીતળતા તળે યોજાયેલા આ વિશિષ્ટ સમારોહમાં સ્વામીશ્રીની ઉપસ્થિતિ વધુ શીતળતા પ્રેરતી હતી.

પ્રારંભમાં અનિર્દેશદાસ સ્વામીએ 'મંદિર મહિમા' વર્ણવ્યો હતો. ત્યારપછી ભગવત્સેવાદાસ સ્વામીએ 'મંદિરોમાં દાન કરનાર'નો પૌરાણિક મહિમા ગાયો હતો. નવસારી મંદિરના કોઠારી પૂર્ણકામદાસ સ્વામીએ મંદિર નિર્માણ માટે તન-મન-ધનથી સેવા-સમર્પણ કરનાર હરિભક્તોની સેવાને બિરદાવી જણાવ્યું: 'આ મંદિરના પાયામાં સિમેન્ટ કોંક્રીટનું તમામ કાર્ય સંતો અને હરિભક્તોએ જ રાતોની રાતો જાગીને પૂર્ણ કર્યું છે. સતત ૫ વર્ષ સુધી જ્યારે પણ, જે કંઈ સેવાની જરૂર પડી તે સેવાઓમાં બધા જ ભક્તો ઉત્સાહથી જોડાયા છે. સૌએ આર્થિક સેવાઓ પણ પોતાના ગજા બહારની કરી છે.'

સૌ હરિભક્તોના પ્રતિનિધિરૂપે વિશેષ સેવાઓ કરનાર હરિભક્તોને મંચ પર આમંત્રિત કરાયા. ક્રમાનુસાર મંચ પર પધારતા તમામ સેવાભાવીઓ પર સ્વામીશ્રીએ અંતરના આશિષ વરસાવ્યા હતા. નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીએ પ્રસાદ અને આત્મસ્વરૂપદાસ સ્વામીએ સ્મૃતિભેટ આપી હતી. અંતમાં પૂર્ણકામદાસ સ્વામીએ મંદિર નિર્માણકાર્યમાં નાની-મોટી સેવાઓ કરનારનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

સૌના પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા: "શ્રીજીમહારાજે એવી ગોઠવણ કરી છે કે બધાને સેવાનો લાભ મળે. અને ખરેખર હરિભક્તોએ તન-મન-ધનથી સેવા કરી છે, મન-કર્મ-વચને સેવા કરી છે. નાના-મોટા બધાનું ખૂબ યોગદાન છે.' દુબળી ભટ્ટનો પ્રસંગ વર્ણવી તેઓએ કહ્યું: 'શ્રીજીમહારાજ ભાવના ભૂખ્યા છે. તેઓ નાની-મોટી સેવા જોતા નથી. તમારો ભાવ જુએ છે. જે કોઈ જુએ તે બધાને ભાવ થાય એવું આ આરસનું, સરસ, સુંદર, નાજુક મંદિર છે. પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પથી આ બધું થયું છે. આમાં જેણે જેણે તન-મન-ધનથી, સારા ભાવથી, સાચા ભાવથી, ભક્તિભાવથી સેવા કરી છે એ બધાને લાભ થશે. એનું ફળ શ્રીજીમહારાજ અક્ષરધામ આપે છે. એટલે બધા નિશ્ચિંત રહેજો. શ્રીજીમહારાજ અતિશય પ્રસન્ન થઈ ગયા છે, ડંકો વાગી ગયો છે. એટલે બધા ભક્તોની જય! શ્રીજીમહારાજની જય!"

અંતે સત્સંગની દૃઢતા અને આશરાની ટેક દર્શાવતી નાટ્ય-પ્રસ્તુતિ બાદ ભક્તિનૃત્ય અને મંદિર પર લાઈટ એન્ડ સાઉન્ડ શૉની બહુરંગી રોશનીનો ઝગમગાટ સૌના અંતરમાં દિવ્યતાનો પ્રકાશ રેલાવી ગયો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૮-૨-૨૦૨૦ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે મંદિર પરિસરના સભાગૃહમાં નવસારી મહિલાપાંખ દ્વારા મહિલા દિન યોજાયો હતો, જેમાં ઉપસ્થિત ૫,૦૦૦થી વધારે બહેનોએ દિવ્યાનંદની અનુભૂતિ કરી હતી. નવસારી મહિલાપાંખે મંદિર નિર્માણકાર્યમાં શિલાન્યાસથી માંડીને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સુધી સેવા-સમર્પણની અવિરત ભાગીરથી વહાવી હતી તેની પણ સંક્ષિપ્ત વીડિયો પ્રસ્તુતિ થઈ હતી.

(વિગતવાર અહેવાલ માટે જુઓ: પ્રેમવતી માર્ચ-એપ્રિલ, ૨૦૨૦) ◆





દક્ષિણ ગુજરાતનાં ગ્રામીણ ક્ષેત્રોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની

સેવાપ્રવૃત્તિઓની એક ઝલક

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં દક્ષિણ ગુજરાતમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સંચાલિત આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય, સંસ્કાર વગેરે અનેક લોક-સેવાપ્રવૃત્તિઓની એક ઝલક...

'આદિ એટલે ભગવાન અને એ આદિ પરમાત્મા પાસે જે વસે તે આદિવાસી.'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ગુજરાતનાં વિવિધ આદિવાસી ક્ષેત્રોમાં જ્યારે જ્યારે પધારતા ત્યારે એમના મુખેથી આ વ્યાખ્યા અવશ્ય સાંભળવા મળતી.

આદિવાસી, વનવાસી કે ગિરિજન!

આ શબ્દોની વ્યાખ્યા સમાજશાસ્ત્રના આધુનિક પંડિતો ભલે ગમે તે રીતે કરતા હોય, પરંતુ સ્વામીશ્રીની આ વ્યાખ્યામાં માત્ર શબ્દોની ખોખલી રમત નહોતી, પરંતુ રોમરોમમાં પ્રતીતિનો રણકાર હતો.

છેલ્લા કેટલાય દાયકાઓથી આદિવાસીઓના હૈયે વસતા પરમાત્માને પ્રમુખસ્વામી મહારાજે દિલ દઈને આરાધ્યા હતા, તેની સાખ આજે પણ સમય પૂરે છે. આમ તો પ્રમુખસ્વામી મહારાજે ગુજરાતનાં તમામ આદિવાસી ક્ષેત્રોમાં અથાક વિચરણ કરીને અદ્વિતીય કાર્ય કર્યું છે, પરંતુ અહીં વાત કરવી છે - દક્ષિણ ગુજરાતના નવસારી, ધરમપુર અને ડાંગ-આહવા વિસ્તારની.

૧૯૬૦-૭૦ના દાયકામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની કૃપાદૃષ્ટિ આ પછાત વિસ્તાર પર પડી હતી. તેઓની પ્રેરણાથી મુંબઈથી સુશિક્ષિત નવયુવાન સંતોએ અવારનવાર અહીં પધારી સત્સંગનાં બીજ પોષ્યાં હતાં.

સન ૧૯૭૧ના અરસામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં પધરામણીઓનો દોર શરૂ કર્યો ત્યારથી અહીં શરૂ થઈ અહીંના સ્થાનિક લોકોના જીવન-ઉદ્ધારની એક અકલ્પ્ય યાત્રા. નવસારીની આસપાસનાં ગામો, કબિલાપોર, જલાલપોર, ડાંગ, આહવા, જામલાપાડા, સાપુતારા, વઘઈ, વાંસદા, ધરમપુર વગેરે વિસ્તારના છેવાડાનાં ગામડાંઓમાં પ્રમુખસ્વામી મહારાજે ચાર ચાર દાયકાઓ સુધી પરિભ્રમણ





પૂજ્ય મહંત સ્વામી મહારાજે રંભાસ ખાતેની આ શાળામાં પધારીને પછાત બાળકો પર વાત્સલ્યની વર્ષા કરી...

કર્યું અને એ ગામોમાં વસતી પ્રજાના જીવનમાં આમૂલ પરિવર્તનની જ્યોત જગાવી.

અહીંની ગરીબ, અબુધ, અશિક્ષિત, વહેમ અને અંધશ્રદ્ધામાં અટવાયેલી અવિકસિત પ્રજાને ભારત આઝાદ થયા પછી પણ દાયકાઓ સુધી વિકાસની તક મળી નહોતી. પરિણામરૂપે આ ભોળી પ્રજાનો વિકાસ રૂંધાતો રહ્યો હતો.

સન ૧૯૭૧-૮૦ના દાયકામાં પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અને પ્રેરણાથી નારાયણપ્રસાદદાસ સ્વામી અને અન્ય સંતોએ આ વિસ્તારમાં ઘણું ખેડાણ કર્યું. સ્વામીશ્રીની આજ્ઞાથી સંતોએ યુવાનોને પ્રેરણા આપવાનો સંસ્કારયજ્ઞ આદર્યો. શરૂઆતનાં વર્ષોમાં અનેકવિધ અડચણો આવી, પણ આ મહાન કાર્ય ક્યારેય મંદ પડ્યું નહીં.

સન ૧૯૮૦ના દાયકામાં સ્વામીશ્રીની આજ્ઞાથી નરેન્દ્ર-પ્રસાદદાસ સ્વામી(આચાર્ય સ્વામી)એ આ વિસ્તારમાં સત્સંગ-સેવાનું સુકાન હાથમાં લીધું. અહીં છૂટાછવાયાં ઝૂંપડાંઓમાં વસતા લોકોનું કહેવાય ગામડું, પણ ગામ જેવું નહીં. એક ઝૂંપડું અહીં તો બીજું કેટલુંય દૂર હોય! ઊંચીનીચી ટેકરીઓ અને જંગલી વિસ્તારની કેડીઓ પર ચાલી ચાલીને પ્રમુખસ્વામી મહારાજ અને સંતો એક એક ગામડે અને એક એક ઝૂંપડે ગયા છે, ચોમાસામાં તો આ ડુંગરાળ પ્રદેશમાં ઘૂંટણ સુધી પથરાયેલો કાદવ ખૂંદતાં ખૂંદતાં પણ સંતો આદિવાસીઓનાં ઝૂંપડાં સુધી પહોંચ્યા છે. દરેકને વ્યક્તિગત મળીને તેમને જીવન-ઉત્કર્ષની પ્રેરણા આપી છે.

સ્થાનિક પ્રજામાં અજ્ઞાનનાં અંધારાં ઉલેચવા માટે એક તરફ સ્વામીશ્રી અને સંતો આવી મુશ્કેલીઓ વેઠીને પુરુષાર્થ કરી રહ્યા હતા, તો બીજી તરફ સંતોની સાથે સ્થાનિક યુવક કાર્યકરોએ પણ ખભા મિલાવ્યા હતા. સ્વામીશ્રીની સતત પ્રેરણાથી સંસ્કારસિંચનના કાર્યે વેગ પકડ્યો. પછી તો સભાઓ, શિબિરો વગેરેના પરિણામે આદિવાસીઓમાંથી જ કાર્યકરો તૈયાર થયા અને પરિણામે સત્સંગને ખૂબ જ વેગ મળ્યો. પગે ચાલતાં કે સાઈકલ પર તેઓ ગામડે ગામડે સ્વામીશ્રીનો સંદેશ લઈને વ્યસનમુક્તિ અને સદાચારવૃદ્ધિ માટે ઘૂમવા લાગ્યા. ધીમે ધીમે સ્વામિનારાયણીય સંસ્કારો સૌનાં અંતરમાં સિંચાવા લાગ્યા.

પરિણામે પેઢીઓથી જામી ગયેલાં અંધારાં ઉલેચાયાં, સત્સંગની કૂંપળો ફૂટી નીકળી, અને સન ૧૯૮૫માં નવસારી વિસ્તારના મોટી ચોવીસી ખાતે પ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચાયું. ત્યારપછી સત્સંગનો વ્યાપ વિસ્તરવા લાગ્યો. કેટલાંય ગામો વ્યસનમુક્ત થવા લાગ્યાં. સંતોની સાથે સાથે સ્થાનિક ભાઈઓએ ખૂબ પુરુષાર્થ કર્યો. સાઈકલ પર સત્સંગ પ્રચાર અર્થે જતા ત્યારે તેઓ પ્રસાદ પણ પોતાના ઘરેથી લઈ જતા. સૌના ઉત્સાહથી ધીમે ધીમે સ્વામિનારાયણીય સંસ્કારોની લહેરખી આ વિસ્તારમાં પ્રસરી ગઈ!

પ્રમુખસ્વામી મહારાજના પ્રભાવથી હજારો લોકો વિષય અને વહેમમાંથી મુક્તિ મેળવી સત્સંગના માર્ગે વળ્યા. સત્સંગના રંગે રંગાયેલા વનવાસી બંધુઓનાં ઘરમાં દૈનિક પ્રાતઃપૂજા થવા લાગી, ઘરમંદિરમાં આરતી-થાળના નાદ ગુંજી ઊઠ્યા, વ્રત-તપની ભાગીરથી વહેવા લાગી.

આ આધ્યાત્મિક વિકાસની સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સ્થાનિક બંધુઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ પણ હાથ ધરી. વસ્ત્રદાન, મૅડિકલ કેમ્પ, વ્યસનમુક્તિ

અભિયાન, વાલી જાગૃતિ અભિયાન વગેરે લોકસેવાઓનાં કાર્યો દ્વારા સ્થાનિક ગ્રામજનોના ઉત્કર્ષની એક ગંગા વહેતી કરી. ધીમે ધીમે સત્સંગપ્રવૃત્તિઓની સાથે સાથે આધ્યાત્મિક, સામાજિક, શૈક્ષણિક, આરોગ્યની પ્રવૃત્તિએ વેગ પકડ્યો.

■ શૈક્ષણિક સેવાઓ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે મૂલ્યસભર શિક્ષણના ધ્યેય સાથે વિદ્યાર્થીઓનાં ઉજ્જ્વળ વર્તમાન અને તેજસ્વી ભવિષ્યનું નિર્માણ કરવા માટે ૪૧ શિક્ષણ સંકુલો સ્થાપીને શિક્ષણ ક્ષેત્રે મહાન પ્રદાન આપ્યું છે. તે પૈકી દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલી શિક્ષણસેવાઓમાં, ઉકાઈ, સેલવાસ, સુરત, બારડોલી, વલસાડ વગેરે ખાતેનાં શિક્ષણ સંકુલો વચ્ચે ડાંગ જિલ્લામાં રંભાસ ખાતે આવેલી આશ્રમશાળા એક વિશિષ્ટ ભાત પાડે છે.

દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં વનવાસી વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે દાયકાઓ પહેલાં રાજ્ય સરકારે આશ્રમશાળાઓનો પ્રારંભ કર્યો હતો. પરંતુ ઉત્તમ સંચાલકો અને કાર્યવાહકોના અભાવે આશ્રમશાળાનું સ્તર કથળી ગયું હતું. પરંતુ પ્રમુખસ્વામી મહારાજની છત્રછાયામાં બી.એ.પી.એસ. દ્વારા વિશાળ પાયે ચાલી રહેલા આદિવાસી-ઉત્કર્ષ કાર્ય અને શિક્ષણકાર્યથી પ્રભાવિત થઈને, આ ક્ષેત્રના સેવાભાવી અધિકારીઓએ આ આશ્રમશાળા દત્તક લેવા પરમ પૂજ્ય સ્વામીશ્રીને વિનંતી કરી હતી. અને રંભાસ ખાતેની આશ્રમશાળા પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ દત્તક સ્વીકારી લીધી.

સન ૧૯૮૯માં સ્થપાયેલી રંભાસની આ શાળાને બી.એ.પી.એસ. સંસ્થાએ સન ૨૦૧૧માં દત્તક લીધી. સ્વામીશ્રીના આશીર્વાદ સાથે બી.એ.પી.એસ.ના સંતો તેમજ કાર્યકરોએ આ શાળાનો કાયાકલ્પ કરવા માટે દિવસરાત પુરુષાર્થ આદર્યો. તદ્દન સુવિધારહિત એ શાળામાં થોડા જ સમયમાં આમૂલ પરિવર્તન આવ્યું. વહીવટી ઑફિસ, કમ્પ્યૂટર લેબ, સુવિધાસજ્જ વર્ગખંડો, સુસજ્જ રસોઈઘર, પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા, રોજિંદા વપરાશના પાણી માટે ૧૫,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતી ટાંકી, શૌચાલયો વગેરે વ્યવસ્થાઓથી સત્વરે શાળાને સજ્જ કરવામાં આવી. વિદ્યાર્થીઓ માટે નિવાસની વ્યવસ્થા, ઓછાડ સહિતનું બેડિંગ, રમતગમતનાં સાધનો, યુનિફોર્મ, પુસ્તકો, શિષ્યવૃત્તિ વગેરેની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવી. આમ, વ્યવસ્થાઓ અને સુવિધાઓની દૃષ્ટિએ ધરમૂળ ફેરફાર થઈ ગયો અને શાળાનાં રૂપરંગ બદલાઈ ગયાં. પરંતુ આ બધાં કરતાં સૌથી વધુ અગત્યની બાબત હતી - વિદ્યાર્થીઓના શિક્ષણ અને સંસ્કારની. નબળી આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક વર્તુળને કારણે તમામ દૃષ્ટિએ પછાત રહી ગયેલા આ શાળાના વિદ્યાર્થીઓ માટે સૌથી વધુ અગત્યની બાબત હતી - તેમનું સર્વાંગી ધોરણ ઉપર લાવવાની કાર્યવાહી.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે બી.એ.પી.એસ.ના સંનિષ્ઠ શિક્ષકો અને સંતો દ્વારા વિદ્યાર્થીઓમાં આમૂલ પરિવર્તન લાવવાનો પ્રયાસ થરૂ થયો અને તેમાં અસાધારણ સફળતા મળી. બાળકો નિયમિત હાજરી આપીને પૂર્ણ દિવસ શાળામાં ભણતર માટે તૈયાર થવા લાગ્યા. એકાગ્રતા અને સતર્કતાના પાઠ મળવા લાગ્યા. પરિણામે અઘરા વિષયો તેમને સરળ

એક સમયે જ્યાં કંગાલ હાલત હતી ત્યાં શિસ્તબદ્ધ સુસંસ્કૃત અને તેજસ્વી વિદ્યાર્થીઓની હારમાળા તૈયાર થઈ...





સ્વામીશ્રીએ પછાત લોકો માટે નિ:શુલ્ક મોબાઈલ દવાખાનાંઓ શરૂ કરાવ્યાં, જેના દ્વારા ૧૪ લાખથી વધુ દર્દીઓની સારવાર થઈ...

લાગવા માંડ્યા. પ્રેમભર્યા શિસ્તબદ્ધ અને નિયમિત વાતાવરણમાં વિદ્યાર્થીઓમાં તેજસ્વિતા ઊભરી આવી. ગુરુહરિના આશીર્વાદથી વિદ્યાર્થીઓના શિક્ષણનું સ્તર ઊંચું આવી ગયું, અને તેની સીધી અસર પરિણામ પર પડવા લાગી.

માત્ર બે-ત્રણ વર્ષમાં જ વિદ્યાર્થીઓ શિક્ષણની જેમ સંસ્કારમાં અન્ય શાળાના વિદ્યાર્થીઓની સરખામણીમાં ખૂબ આગળ નીકળી ગયા. વિદ્યાર્થીઓ પવિત્ર જીવન જીવતા થયા. શ્રદ્ધા અને ભક્તિથી તેમના ચહેરા પરની જાણે રોનક બદલાઈ ગઈ! આજે આ વિદ્યાર્થીઓએ પોતાના ઘર-પરિવારમાં પણ પવિત્ર સંસ્કારનો રંગ લગાડ્યો છે.

સન ૨૦૧૩માં વઘઈ ખાતે શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ૧૦,૦૦૦ની જનમેદની વચ્ચે આ શાળાના વિદ્યાર્થીઓએ 'ભારતીય સંસ્કૃતિનો ભવ્ય વારસો' વિષયક વક્તવ્ય રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

શાળામાં યોજાતી વિવિધ રમત-ગમતની પ્રવૃત્તિઓ દ્વારા કેટલાય વિદ્યાર્થીઓએ વિશેષ પ્રગતિ સાધી છે. રાજ્ય કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થિનીઓએ પસંદગી પામીને શાળાનું વિશેષ ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓના વાલીઓ માટે પણ વર્ષમાં વારંવાર વાલી સંમેલનો યોજાય છે. જેમાં સંતોનાં વક્તવ્યો તથા બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત 'વાલી જાગૃતિ અભિયાન' દ્વારા વિશેષ પ્રેરણા આપવામાં આવે છે.

આશરે ૪૦ કિ.મી.ના અંતરાલમાં વસતાં ૪૫ ગામોના વિદ્યાર્થીઓ હવે શાળામાં અભ્યાસાર્થે આવે છે. ઉત્તરોત્તર રંભાસ સ્કૂલના વિદ્યાર્થીઓ વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. સન ૨૦૧૯માં લેવાયેલી બોર્ડની પરીક્ષાનું ધોરણ ૧૨નું પરિણામ ૧૦૦% અને ધોરણ ૧૦નું પરિણામ ૯૮% આવ્યું છે.

હવે, શાળાના વિસ્તાર અને વિકાસની વધુ જરૂરિયાત ઊભી થઈ છે. પરિણામે તાજેતરમાં જ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે તા. ૩૦-૧-૨૦૨૦ (વસંતપંચમી)ના પવિત્ર દિને આ શાળા-પરિસરમાં નિર્માણ પામનાર નૂતન સંકુલનો મંગલ પ્રારંભ કરાવીને વિકાસનું એક વધુ સોપાન આદર્યું છે.

આ આશ્રમશાળાનો આઠમો વાર્ષિકોત્સવ ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ નવસારી ખાતે મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં ઊજવાયો ત્યારે સૌ કોઈએ એ વિદ્યાર્થીઓની સર્વાંગી પ્રગતિનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો.

વિદ્યાર્થીઓએ રજૂ કરેલી કેટલીક રજૂઆતો સૌને આંખ ઉઘાડવા પ્રેરણા આપે તેવી હતી. જેમ કે - આધુનિક ઉપકરણોના વપરાશમાં વિવેક શીખવતો 'ટર્નિંગ પોઈન્ટ' નામનો સંવાદ, આ શાળા દ્વારા વિદ્યાર્થીઓમાં આવેલાં અનેક આમૂલ પરિવર્તનોની ગાથા, પ્રગતિનાં સોપાનો સર કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રેરણાસભર પ્રસંગો વગેરે.

વિદ્યાર્થીઓએ લયબદ્ધ 'ડાંગી નૃત્ય' રજૂ કરી સૌને પ્રભાવિત કરી દીધા હતા. ગત વર્ષે લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ-પરીક્ષામાં તેજસ્વી વિદ્યાર્થીઓને

સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. શાળાની સફળતા અને પ્રગતિનાં મૂળમાં પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનાં પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહન રહેલાં છે - તેની અનુભવમૂલક રજૂઆત સાથે ટ્રસ્ટીઓ, મૅનેજમેન્ટ કમિટી અને શિક્ષકોએ સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરી સ્મૃતિભેટ સ્વીકારી હતી.

અંતમાં સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ‘‘જે પ્રમુખસ્વામી મહારાજ અને તેઓના સંતો કે તેઓના આદર્શ હરિભક્તો સાથે જોડાયા છે તે ભવસાગર તરી ગયા છે. મોક્ષની વાત તો છે જ, પણ આ લોકમાં તે સારું જીવન જીવતા થઈ ગયા! પહેલાં વાલીઓ પોતાના બાળકને લોકો ‘ભગત’ ન કહે તે માટે બી.એ.પી.એસ.માં મોકલતા નહોતા. પણ આજે તો બી.એ.પી.એસ.નું નામ પડે ને પ્રભાવ પડે છે. ટૂંકમાં, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજના સંતો-હરિભક્તો સાથે જોડાણ રાખવું, તો તમે તરી જશો. આ લોકમાંય અને પરલોકમાંય, બેય કામ થઈ જશે. આ સંવાદ અને બીજો બધો કાર્યક્રમ ખૂબ સરસ હતો. જે સંદેશ મળ્યો છે તે પ્રમાણે અંતરમાં દૃઢપણે ઉતારવું.’’

આવી શિક્ષણપ્રવૃત્તિઓ ઉપરાંત બી.એ.પી.એસ. બાળ-પ્રવૃત્તિ દ્વારા નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતનાં ગામડે ગામડે શિક્ષણનો મહાન યજ્ઞ ચાલી રહ્યો છે, જેમાં ભાગ લઈને હજારો બાળકો પોતાની કારકિર્દી ઉજ્જ્વળ બનાવી રહ્યા છે.

આમ, દક્ષિણ ગુજરાતમાં બી.એ.પી.એસ. સંસ્થાની શિક્ષણસેવાઓનો વ્યાપ દિન-પ્રતિદિન વધુને વધુ લોકો સુધી વિસ્તરી રહ્યો છે.

■ આરોગ્ય સેવાઓ

દક્ષિણ ગુજરાતનાં આ પછાત ગામડાંઓમાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમી પ્રમુખસ્વામી મહારાજે સ્થાનિક લોકોની દારુણ ગરીબી અને તે ગરીબીને કારણે તેમની સબડતી જિંદગીને નજીકથી નીરખી હતી. વ્યસનોને કારણે ઘરોઘર આંટો દઈને બેઠેલી બીમારી અને તેમની દુર્દશાથી કરુણાર્દ્ર થતાં પ્રમુખસ્વામી મહારાજે વિનામૂલ્યે બી.એ.પી.એસ.નાં ફરતાં દવાખાનાંઓનો પ્રારંભ કર્યો હતો. અંતરિયાળ ગામડાંઓમાં વસવાટ કરતા પછાતોને આરોગ્યની સુવિધા મળી રહે તે માટે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ ફરતાં દવાખાનાંઓ આ વિસ્તારમાં છેલ્લાં કેટલાંય વર્ષથી ગામડે ગામડે ઘૂમીને લાખો પછાત દર્દીઓને સ્વસ્થ બનાવી રહ્યાં છે. તેની એક ઝલક :

ધરમપુર-૧: દક્ષિણ ગુજરાતમાં ધરમપુર તાલુકાનાં અંતરિયાળ ગામોમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા તા. ૫-૧૧-૧૯૯૯થી આજપર્યંત આ નિઃશુલ્ક ફરતાં દવાખાનાંનો લાભ ઊગતા, ભેંસધરા, ઝરિયા, માંકડબન, નાની કોરવણ, પેંણધા, કૂરગામ, જાગીરી-ભવાડા, સુથારપાડા, આંબાજંગલ, સાહુડા, નળીમધની, લાકડમાળ, નાની વહિયાળ, ખરેડી, કાકડકૂવા ૧-૨, કોસમકૂવા વગેરે ગામોના લોકો લઈ રહ્યા છે.

વાંસદા(નવસારી): તા. ૧૨-૮-૨૦૦૦થી આજપર્યંત વાંસદા તાલુકામાં ફરતા દવાખાનાનો લાભ ધાકમાળ, વાંગણ, માનકુનિયા, ચોરવણી, ઘોડમાળ, જામલિયા,

ગામડે ગામડે ડૉક્ટર, દવાઓ અને જરૂરી સ્ટાફ સાથે ફરતાં આ દવાખાનાંઓ મહાન આશીર્વાદરૂપ પુરવાર થયાં છે...





હોલીપાડા, કુરેલિયા, ચારણવાડા, કેવડી, ધરમપુરી, ચરવી વગેરે ગામોના લોકો લઈ રહ્યા છે.

ધરમપુર-૨: આ ક્ષેત્રમાં તા. ૮-૮-૨૦૦૨થી આરંભાયેલું બી.એ.પી.એસ. ફરતું દવાખાનું આવધા, કોસમબારી, તુતરખેડ, કેસરપીંડી, નડગધરી, ચાંસમાંડવા, હનમતમાળ, પીપલપાડા, કાંગવી, ભવાડા, ખાંડા, આંબાતલાટ, મિયાઝરી વગેરે ગામોમાં પ્રતિદિન આરોગ્ય સેવાઓ કરે છે.

ડાંગ(આહવા): તા. ૧-૮-૨૦૦૯થી ડાંગ-આહવા ક્ષેત્રમાં શરૂ થયેલા બી.એ.પી.એસ. ફરતા દવાખાના દ્વારા જામલાપાડા, ઈસદર, ચીકટિયા, બોરી-ગાવઠા, ગોટિયા માળ, મુરંબી, દરાપાડા, નાના પાડા, દગડી આંબા, બોરપાડા, સરવર વગેરે ગામો લાભાન્વિત થઈ રહ્યાં છે અને હજારો દર્દીઓ રાહત પામી રહ્યા છે.

ઉકાઈ: તા. ૧-૧૦-૨૦૦૯થી આજપર્યંત તાપી જિલ્લાના ઉકાઈ ક્ષેત્રમાં બી.એ.પી.એસ. ફરતા દવાખાના દ્વારા ચીમકુવા, દોણ, ઝરાલી, ખાંજરખરસી, ડોસવાડા, ટોકરવા, મેઢસિંગી, હીરાવાડી, ગોપાલપુરા, દરડી, વાડીભેંસરોટ, સિંગપુર, વાઘનેરા, વેકુર વગેરે ગામોમાં આરોગ્ય સેવાઓ ગતિમાન છે.

આમ, આ બી.એ.પી.એસ. મોબાઈલ દવાખાનાંઓ પ્રતિદિન ૮૦થી ૧૦૦ કિ.મી. અંતર કાપીને છેવાડાનાં ગામડાંઓમાં ઘૂમે છે અને ઘર આંગણે જઈને દર્દીઓની સેવા કરે છે. આ ફરતાં દવાખાનાંઓ દ્વારા અત્યાર સુધીમાં ૧૪,૦૦,૦૦૦થી વધુ દર્દીઓને વિનામૂલ્યે આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

જ્યાં વાહનવ્યવહાર અને રસ્તાઓની પણ સુવિધા નથી એવાં અંતરિયાળ ગામોમાં પણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં મોબાઈલ દવાખાનાંઓ પહોંચીને બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોને નિ:શુલ્ક સારવાર અને નિ:શુલ્ક દવાઓ આપી રહ્યાં છે. આ સારવાર-નિદાનની સાથે સાથે ગ્રામજનોને રોગ ન થાય તે માટેની સમજ આપવામાં આવે છે. વ્યસનમુક્તિ, શરીરશુદ્ધિ, મનશુદ્ધિ વગેરે વિષયક માર્ગદર્શન આપીને સદાચારી જીવન જીવવાની પ્રેરણા અપાય છે.

■ સંસ્કાર પ્રદાન

આ ક્ષેત્રોમાં અનેક કષ્ટો વેઠીને ગામડે ગામડે ઘૂમનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની નિશ્રામાં દક્ષિણ ગુજરાતની લીલીછમ્મ ધરતી પર સત્સંગની હરિયાળી પણ છવાઈ છે. સંતો અને કાર્યકરોના અદમ્ય ઉત્સાહથી અહીંની સત્સંગ પ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો છે. માત્ર નવસારી ખાતેની બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ હેઠળ કુલ ૪૨૫થી વધારે સંયુક્તમંડળ, મહિલામંડળ, યુવામંડળ, યુવતીમંડળ, બાળમંડળ, બાલિકા-મંડળ ગતિમાન છે. તેમાં યોજાતી અઠવાડિક સત્સંગ સભાઓમાં હજારો ભક્તો-ભાવિકો આધ્યાત્મિક, નૈતિક, સાંસ્કૃતિક માર્ગદર્શન પ્રાપ્ત કરી રહ્યા છે. નિયમિત અઠવાડિક સભા, ઉત્સવો તેમજ વ્યક્તિગત સંપર્ક દ્વારા આધ્યાત્મિક અને નૈતિક જાગ્રતિ તેમજ હિન્દુ ધર્મની અસ્મિતા પ્રગટાવવામાં આવે છે.

આજે નવસારી વિસ્તારમાં ૩૫થી વધારે ગામોમાં નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષના તેજપુંજ ફેલાવી રહ્યાં છે.

આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અનેકવિધ સ્તરે ચાલતી માનવસેવાઓના પાયા પર આજે નવસારી ખાતે ભવ્ય શિખરબદ્ધ મંદિરની ધજાઓ ગગનમાં એ સેવાધારીઓનો જયજયકાર કરી રહી છે, જેમણે આ સેવાઓમાં પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું છે. ◆

સ્વામિનારાયણ પ્રકાશ
નિવેદન ફોર્મ : ૨૦૨૦

સ્વામિનારાયણ પ્રકાશ


માલિકી અને બીજી માહિતી નિવેદન (ફોર્મ નં. ૪, રૂલ-૮)

૧. પ્રસિદ્ધિ સ્થળ	:	સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪
૨. પ્રસિદ્ધિ ક્રમ	:	માસિક
૩. મુદ્રકનું નામ	:	સ્વામિનારાયણ અક્ષરપીઠ
૪. પ્રકાશકનું નામ	:	સાધુ કેશવજીવનદાસજી
૫. તંત્રીનું નામ	:	સાધુ સ્વયંપ્રકાશદાસ
રાષ્ટ્રીયતા	:	ભારતીય
૬. માલિકનું નામ	:	સ્વામિનારાયણ અક્ષરપીઠ
ઠેકાણું	:	સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

હું, સાધુ કેશવજીવનદાસ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-૨૦૨૦ (સહી) સાધુ કેશવજીવનદાસ

પૂજ્ય જ્ઞાનતૃપ્તદાસ સ્વામી અને પૂજ્ય જ્ઞાનનયનદાસ સ્વામી (આચાર્ય કક્ષામાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે)




શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં, સ્વામિનારાયણ વેદાંત વિષય સાથે આચાર્ય (એમ.એ.)નો અભ્યાસ પૂર્ણ કરનાર પૂજ્ય જ્ઞાનતૃપ્તદાસ સ્વામીએ આચાર્ય કક્ષાના તમામ વિષયોમાં યુનિવર્સિટીમાં સર્વપ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમને સુવર્ણચંદ્રક એનાયત થયો છે. તેમજ પૂજ્ય જ્ઞાનનયનદાસ સ્વામીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે. બંને સંતોને ખૂબ ખૂબ અભિવંદન... ◆

બી.એ.પી.એસ. વિદ્યામંદિર સુરતના વિદ્યાર્થીઓએ ટેકવાન્ડો નેશનલ ચેમ્પિયનશિપમાં તેજસ્વી પરિણામ હાંસલ કર્યું...



તા. ૧૮-૧-૨૦૨૦ના રોજ પ્રથમ બાલભવન નેશનલ ટેકવાન્ડો ચેમ્પિયનશિપ-૨૦૨૦નું આયોજન દમણ ખાતે વૈદિક ડેન્ટલ કૉલેજમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સુરતના વિદ્યાર્થીઓએ તેજસ્વી પ્રસ્તુતિ કરી હતી.

આ સ્પર્ધામાં દમણ, દીવ, દાદરા-નગરહવેલી, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને દિલ્હીના મળીને કુલ ૩૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના અંતે ગુજરાતની ટીમ પ્રથમ નંબરે રહી હતી. જેમાં સુરતના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આ વિદ્યાર્થીઓએ ૫ ગોલ્ડ મેડલ, ૫ સિલ્વર મેડલ તથા ૩ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી બી.એ.પી.એસ. સંસ્થાનું અને વિદ્યામંદિરનું નામ રોશન કર્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી કોચ શ્રી વિરેન ઠાકુરે(૭ ડિગ્રી બ્લેક બેલ્ટ) આ સિદ્ધિ મેળવવામાં સઘન પુરુષાર્થ કર્યો હતો.

- ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ : જીત નાડોદા, કેયૂર પટેલ, વેદ પટેલ, યશ વસોયા, ધર્મરાજ ચૌહાણ
- સિલ્વર મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ : જીત સોની, નીલકંઠ રાઠોડ, શ્રેયાન ડાભી, સંજય અવૈયા
- બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ : મીર્થ પટેલ, કરણ આહીર, ધાર્મિક જસાણી ◆

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, જૂનાગઢ — શાળા-છાત્રાલયમાં પ્રવેશ અંગે

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે શરૂ થતા નવા સત્રમાં ધોરણ ૮થી ૧૦ અને ધોરણ ૧૧-૧૨ (કોમર્સ)ના વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવશે. **પ્રવેશવિધિ:** તા. ૨૦-૩-૨૦૨૦થી ધોરણ ૮થી ૧૦ અને ધોરણ ૧૧-૧૨ કોમર્સની પ્રવેશ પ્રક્રિયા ચાલુ થશે. આગળના વર્ષના ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સત્સંગ જ્ઞાનના આધારે લેખિત કસોટી લેવામાં આવશે.

છાત્રાલય પરિસરમાં જ અનુભવી શિક્ષકો દ્વારા પ્રત્યેક વિષયના કોચિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

સંપર્ક: બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અક્ષરવાડી, પ્રમુખસ્વામી માર્ગ-જૂનાગઢ. **મો.** ૯૯૯૮૯૯ ૩૮૮૭ ◆

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, વલસાડ — શાળા-છાત્રાલયમાં પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, વલસાડ ખાતે જૂન ૨૦૨૦થી શરૂ થતા નવા સત્રમાં નર્સરીથી ધોરણ ૧૨ (વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહ) ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ કાર્ય શરૂ થઈ ગયું છે. પ્રવેશ ફોર્મ રૂબરૂ નીચે દર્શાવેલ સરનામેથી મેળવી લેવા વિનંતી. (ધોરણ ૫થી છાત્રાલયની સુવિધા ઉપલબ્ધ)

સંપર્ક: બી.એ.પી.એસ. વિદ્યામંદિર, પારડી-પારનેરા, ખોખરા ફળિયા (ધરાનગર-અબ્રામા), વલસાડ - ૩૯૬ ૦૦૧

મો. ૯૯૯૮૯૯ ૨૮૨૨, ૮૨ E-Mail: bapsvm@yahoo.co.in, bapsvmvalsad@gmail.com ◆

સત્-ચિત્-આનંદ વૉટર શો બંધ રહેશે

ગાંધીનગર અક્ષરધામ ખાતે આવેલ **સત્-ચિત્-આનંદ વૉટર શો** મેઇન્ટેનન્સના કારણે **તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૦થી તા. ૪ એપ્રિલ, ૨૦૨૦** સુધી બંધ રહેશે. સૌને નોંધ લેવા વિનંતી. આ દરમ્યાન અક્ષરધામ સંકુલના અન્ય તમામ વિભાગો સોમવાર સિવાય રાબેતા મુજબ ખુલ્લા રહેશે...

પણસોરા, કુરાલ, મોભા અને બાજીપુરા ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો





ચરોતર પ્રાંતમાં પણસોરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનાં સ્મરણીય દૃશ્યો...

પણસોરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાસાદિક ભૂમિ ચરોતર પ્રાંતમાં પણસોરા ખાતે એક વધુ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તાજેતરમાં પ્રતિષ્ઠિત થયું છે.

ઉમરેઠ તાલુકાના પણસોરા ગામમાં નવનિર્મિત આ મંદિરની ગાથા પાછળ દીર્ઘ ઇતિહાસ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં શ્રીચરણોથી પાવન થયેલી આ ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે અનેકવાર પધારીને સત્સંગવૃદ્ધિના આશીર્વાદ પાઠવ્યા હતા. તેઓની કૃપાદૃષ્ટિ અને સંતોના અવિરત વિચરણથી અહીં સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામતો રહ્યો. સમયાંતરે સંયુક્તમંડળ, મહિલામંડળ, બાળમંડળ અને યુવકમંડળની શરૂઆત થતાં ગામમાં અઠવાડિક સત્સંગ સભાઓ, પારાયણો, ઉત્સવો યોજાવા લાગ્યાં. ધીમે ધીમે ગામમાં મંદિરની આવશ્યકતા ઊભી થતાં સ્થાનિક હરિભક્તોએ મુખ્ય માર્ગ પરની ભૂમિ મંદિર માટે સંપાદિત કરી હતી.

શ્રી દિનુભાઈ પટેલ, અંબાલાલ પટેલ, દક્ષભાઈ પટેલ, કનુભાઈ પટેલ, મગનભાઈ વાળંદ, ચંદ્રકાંતભાઈ પટેલ વગેરે હરિભક્તો અને સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવા-સમર્પણથી મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થતાં પ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના અનુક્રમે તા. ૩૦-૧-૨૦૨૦ના રોજ મહિલાપાંખ દ્વારા મહિલા સંમેલન યોજાયું, જેમાં ૩૫૦થી વધુ બહેનોએ ભક્તિસભર પ્રેરણાત્મક કાર્યક્રમનો લાભ માણ્યો હતો. તા. ૩૧-૧-૨૦૨૦ની મંગલ પ્રભાતે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૨૪૦થી વધુ યજમાનોએ વૈદિક મંત્રોના ગાન વચ્ચે યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી ત્યારે ગામમાં પવિત્ર આભા છવાઈ ગઈ હતી. ત્યારબાદ ઢળતી બપોરે કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. પાવનકારી મૂર્તિઓ સહિત શોભાયાત્રાનાં દર્શન કરીને ભાવિક-ભક્તો ભાવવિભોર બની ગયા હતા.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા નડિયાદમાં તા. ૨૩-૫-૨૦૧૯ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧-૨-૨૦૨૦ની માંગલિક પ્રભાતે આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ બોધવચનો પાઠવીને

સમર્પણનિષ્ઠ હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

નડિયાદ મંદિરના કોઠારી સર્વમંગલદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા ધર્મનિલયદાસ સ્વામી અને શ્રીજી-દર્શનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌ ભક્તોએ અનન્ય સેવા કરીને ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

કુરાલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પાદરા તાલુકાના કુરાલ ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવથી ઊજવીને હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં વિચરણ કરતા દિવ્યસ્વરૂપદાસ સ્વામી અને સંતોએ કુરાલમાં સત્સંગની શરૂઆત કરાવી હતી. ત્યાગવલ્લભદાસ સ્વામીએ અનેક વખત પધારીને ગ્રામજનોમાં સત્સંગ દૃઢાવ્યો હતો. સંતોના સતત વિચરણ, કથાવાર્તાથી અહીં સત્સંગ વિશેષ ફૂલ્યો ફાલ્યો. કાર્યકરોની નિષ્ઠાસભર સેવાથી ગામમાં સંયુક્તમંડળ, બાળમંડળ, યુવામંડળ, મહિલામંડળ, યુવતીમંડળની શરૂઆત થતાં ગામમાં મંદિરની આવશ્યકતા જણાઈ અને સ્વામીશ્રીની આજ્ઞાથી તેની કાર્યવાહી શરૂ થઈ ગઈ. ગામના પ્રવેશદ્વાર પાસે રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલના પ્રયત્નથી શ્રી નાનુભાઈ નાથાભાઈ અમીનના પરિવારે ભૂમિદાન કર્યું. આ ભૂમિ પર ભાગ્યસેતુદાસ સ્વામી અને ધર્મચિંતનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણનું કાર્ય આરંભાયું, જેમાં આબાલવૃદ્ધ સૌ ભક્તો સેવાયજ્ઞમાં જોડાઈ ગયાં. સૌના અનેરા ઉત્સાહ વચ્ચે જોતજોતાંમાં મંદિરનું નિર્માણ પૂર્ણ થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ સંતો અને શ્રી જયદીપભાઈ સ્વાદિયાની ઉપસ્થિતિમાં કીર્તનભક્તિ યોજાઈ હતી. બીજા દિવસે સવારે યજ્ઞશાળામાં શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં ૨૦૦ યજમાનોએ પવિત્ર યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરી સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ અપરાહ્‌ને સૌના અનન્ય ઉત્સાહ વચ્ચે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા આરંભાઈ હતી. કલાત્મક રથોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુણાતીત ગુરુપરંપરાને વિરાજમાન કરીને હરિભક્તોએ ભક્તિભાવથી તેનું વહન કર્યું હતું. ઘોડેસવારો, ધ્વજ લહેરાવતા સાફાધારી બાઈક સવારો, સંત રથ, વ્યસનમુક્તિની પ્રેરણા આપતો ફ્લોટ, મંદિરનું મહિમા ગાન કરતો ફ્લોટ વગેરે આકર્ષણોથી યુક્ત શોભાયાત્રાનાં દર્શનથી ગ્રામજનો ભક્તિમય બની ગયા હતા.





વડોદરા જિલ્લામાં આવેલા કુરાલ ગામે નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિર અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં રત સંતો...

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા અટલાદરામાં તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ કુરાલ ખાતે તા. ૨૮-૧૧-૨૦૧૯ના રોજ સવારે નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલા પ્રતિષ્ઠા સમારોહમાં સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. આ ક્ષેત્રમાં વિચરણ કરતા ધર્મકીર્તિદાસ સ્વામી અને શ્રીજીવંદનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ આ પ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો.

મોભા ખાતે મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પાદરા તાલુકાના





મોભા ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરી રહેલા વિવેકસાગરદાસ સ્વામી...

મોભા ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચીને વધુ એક ગામમાં વૈદિક ઉપાસનાનું ધામ સ્થાપ્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી આ ક્ષેત્રોમાં વિચરણ કરતા દિવ્યસ્વરૂપદાસ સ્વામી અને સંતોના યોગે અહીં સ્વામિનારાયણીય સત્સંગનો ઉદય થયો હતો. ત્યાગવલ્લભદાસ સ્વામીએ પણ અનેકવાર પધારીને ગ્રામજનોના ભક્તિભાવને વિશેષ પોષણ આપ્યું હતું. સંતોના નિયમિત વિચરણ અને કાર્યકરોના સહકારથી ગામમાં સત્સંગની અભિવૃદ્ધિ થઈ. ગુરુહરિના આશીર્વાદથી આબાલવૃદ્ધ સૌ સત્સંગના રંગથી રંગાવા લાગ્યા ને મંદિરની આવશ્યકતા ઊભી થઈ. મંદિર માટે ભૂમિ પ્રાપ્ત થતાં સન ૧૯૯૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં પધારીને મંદિરનો ખાતવિધિ કર્યો હતો. બે વર્ષ પૂર્વે મંદિર નિર્માણકાર્યનો આરંભ થયો. ગુરુહરિના આશીર્વાદથી, સંતો-હરિભક્તોના ભક્તિમય પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યું. અને સૌ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી પહોંચ્યો.

નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૫-૨-૨૦૨૦ના રોજ સંધ્યા સમયે યોજાયેલી કીર્તન-ભક્તિમાં યોગીપ્રેમદાસ સ્વામી અને સંતોએ સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. બીજા દિવસે ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. તેનાં દર્શન કરીને ગ્રામજનોમાં વિશેષ ભક્તિભાવ જાગ્રત થયો હતો.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ વડોદરામાં વિધિપૂર્વક પૂજાયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ મોભા ખાતે તા. ૭-૨-૨૦૨૦ના રોજ સવારે વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. તેમાં સંતોએ આશીર્વચન પાઠવીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી. આ વિસ્તારમાં વિચરણ કરતા ધર્મકીર્તિદાસ સ્વામી તથા શ્રીજીવંદનદાસ સ્વામી અને આબાલવૃદ્ધ સૌ ભક્તોની સેવાથી ઉત્સવ દીપી ઊઠ્યો હતો. અને ગામમાં દિવ્યાનંદ છવાઈ ગયો હતો.

બાજીપુરા ખાતે પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતના વાલોડ તાલુકાના બાજીપુરા ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સન ૧૯૭૬માં સત્સંગની શરૂઆત થઈ હતી.

પ્રમુખસ્વામી મહારાજે બાજીપુરામાં સન ૧૯૭૬થી ૧૯૯૯ના સમયગાળા દરમ્યાન ચાર વખત પધારીને હરિભક્તોને સત્સંગલાભ આપ્યો હતો. ગામમાં સત્સંગને વેગ મળતાં સંનિષ્ઠ હરિભક્ત શ્રી કનુભાઈ ભીખાભાઈ પટેલે મીંઢોળા નદીને કિનારે આવેલી પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરતાં ત્યાં મંદિર નિર્માણ પામ્યું હતું.

તા. ૩૦-૪-૧૯૯૯ના રોજ યોજાયેલા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં ત્રણ દિવસ પધારીને સત્સંગ-અમૃતની હેલી વરસાવી હતી.

૭,૦૦૦ની વસ્તી ધરાવતા આ ગામમાં સ્વામીશ્રીના આશીર્વાદથી સત્સંગમંડળનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અને વરિષ્ઠ સંતોએ અનેકવાર પધારીને સત્સંગને નવપલ્લવિત રાખ્યો. હરિભક્તોને વિશેષ પ્રેરણાબળ પ્રાપ્ત થતાં મંદિરને વધુ




બાજીપુરા ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ...

સુવિધાસજ્જ બનાવવા તેનું નવીનીકરણ હાથ ધરાયું. જેમાં આબાલવૃદ્ધ સૌ સેવામાં જોડાઈ ગયા. શ્રી સુરેશભાઈ પટેલ, સન્મુખભાઈ પ્રજાપતિ, જિગ્નેશભાઈ પટેલ વગેરે હરિભક્તોની વિશેષ સેવાથી મંદિર સમારકામ પૂર્ણ થયું. અને પ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૯-૧-૨૦૨૦ના રોજ સવારે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો, જેમાં ૨૦૦ યજમાનોએ પવિત્ર યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ અપરાહ્ને બાજીપુરાના મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓની કલાત્મક રથોમાં શોભાયાત્રા યોજાઈ હતી.

તા. ૨૦-૧-૨૦૨૦ના રોજ માંગલિક સવારે પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણમાં તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ વેદોક્તવિધિથી પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી ઉત્સવ સભામાં સંતોએ સત્સંગ-લાભ આપ્યો હતો. ◆

સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા ઊજવાયો અક્ષરપુરુષોત્તમ દર્શન મુખપાઠ ઉત્સવ



ભગવાન સ્વામિનારાયણે આપેલા સનાતન સિદ્ધાંતોના આધારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ 'સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા' નામનો ગ્રંથ રચ્યો છે, જે સ્વામિનારાયણ સંપ્રદાયના 'વાદગ્રંથ' તરીકે ઓળખાય છે. આ ગ્રંથમાં શાસ્ત્રીય પદ્ધતિથી વિસ્તારપૂર્વક રજૂ થયેલા સિદ્ધાંતને સારરૂપે શ્લોકબદ્ધ કરવામાં આવ્યો છે, જેને 'કારિકા' નામથી ઓળખવામાં આવે છે. સાદી અને સરળ રીતે રજૂ કરવામાં આવતા તત્ત્વજ્ઞાનના આ સંગ્રાહક શ્લોકોમાં હજારો પૃષ્ઠોનો શાસ્ત્રાર્થ સમાયેલો હોય છે. આવી કારિકાઓનો મુખપાઠ કરવાથી સમગ્ર અક્ષરપુરુષોત્તમ-દર્શનનો સાર હસ્તગત થઈ જાય છે.

મુખપાઠ એ ભારતીય સંસ્કૃતિની એક પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ અભ્યાસ પદ્ધતિ છે. મુખપાઠ પરંપરા દ્વારા આપણા વેદોનું રક્ષણ તથા સંવહન થયું છે. આ વાદગ્રંથના તમામ શ્લોકો તથા સહજાનંદ નામાવલિ સ્તોત્ર મળીને કુલ ૫૬૦ શ્લોકોના મુખપાઠનું અધિવેશન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું.

આ અધિવેશનમાં તમામ શ્લોકોને કંઠસ્થ કરવા માટે મહાવિદ્યાલયના સર્વે વિદ્યાર્થીઓએ પુરુષાર્થનો જાણે ઇતિહાસ સર્જ્યો. કેટલાક વિદ્યાર્થીઓએ અમુક ટંક ભોજનનો ત્યાગ કરી દીધો તો કેટલાકે ઊંઘ ઉપર સંપૂર્ણ મર્યાદા લાવી દીધી. મોડી રાત્રે ૧-૨ વાગ્યા સુધી જાગીને કે પછી રાત્રે ૨-૩ વાગ્યાથી જાગ્રત થઈને મુખપાઠમાં મન લગાવી દીધું.

અધિવેશન પૂર્વે ગુરુહરિ મહંતસ્વામી મહારાજે પ્રસન્ન થઈ આશીર્વાદ આપતાં જણાવ્યું, ''આ અધિવેશનથી બધામાં બુદ્ધિ-શક્તિ ખીલશે, યાદશક્તિ ખીલશે અને ઘણું-ઘણું થશે પણ તમારે મહેનત કરવી પડશે. રાત્રે મોડા સુધી અથવા સવારના વહેલા સુધી મહેનત કરવી પડશે. જમવાનું પણ થોડું આઘું-પાછું કરવું પડશે. સ્વામીબાપાનો રાજીપો લેવો છે. બધાએ ૫૬૦ સંસ્કૃતની કારિકાઓનું નિશાન રાખવું. આ બધું પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય છે, યોગીબાપાનું કાર્ય છે એટલે અમે તો ખૂબ રાજી થઈશું. રાજી જ છીએ. સૌને આશીર્વાદ છે.''

ગુરુહરિના આશીર્વાદથી ૨૩ જેટલા વિદ્યાર્થીઓએ તમામ શ્લોકોનો મુખપાઠ પૂર્ણ કરી લીધો. સ્વામીશ્રીના વચનો મુજબ આ મુખપાઠ અધિવેશનથી વિદ્યાર્થીઓને ઘણા લાભ અનુભવાયા. આત્મવિશ્વાસ અને સ્મૃતિશક્તિમાં વધારો થયો, મન સાથે લડાઈ કરવાની શક્તિ મળી, કોઈના અભાવનો વિચાર ન આવ્યો, વગેરે વગેરે.

પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં અક્ષરપુરુષોત્તમ દર્શન મુખપાઠ ઉત્સવ તા. ૨૧, ૨૨ અને ૨૩ જાન્યુઆરીના રોજ ગઢડા ખાતે યોજાયો. તા. ૨૧ના રોજ અધિવેશન સંબંધી લેખિત પરીક્ષા, મુખપાઠ, શાસ્ત્રાર્થ વગેરે વિવિધ સ્પર્ધાઓ લેવામાં આવી. પ્રશ્નોત્તરી, નિયમગ્રહણ, વિશિષ્ટ

ક્વિઝ, શ્લોકાત્મક કીર્તન-આરાધના તથા સમૂહભોજનમાં પારંપરિક પદ્ધતિથી શ્લોકગાન વગેરે દ્વારા યુવકોએ ઉત્સવનો આનંદ માણ્યો હતો. યુવકોએ ભગવાન સ્વામિનારાયણની મહાપ્રસાદીભૂત શેરીઓમાં નગરયાત્રા દ્વારા તથા મંદિર અને ઘેલાકાંઠે કારિકાઓનું ગાન કરીને શ્રીહરિના સનાતન અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતને દુર્ગપુરના વાતાવરણમાં વહેતો મૂક્યો હતો.

અંતે પારિતોષિક સમારોહ યોજાયો. જે વિદ્યાર્થીઓ કડકડાટ કારિકાઓનો સંપૂર્ણ મુખપાઠ રજૂ કરે અને પરીક્ષામાં સંપૂર્ણપણે ઉત્તીર્ણ થાય તેને 'અક્ષરપુરુષોત્તમદર્શન કારિકાજયી' નામની પદવીના એક વિશિષ્ટ પ્રમાણપત્રની ઘોષણા કરવામાં આવી. ૯ વિદ્યાર્થીઓ આ પદથી અલંકૃત થયા. હવેથી કોઈપણ વ્યક્તિ આ તમામ શ્લોકોને અર્થની સ્પષ્ટતા સાથે કંઠસ્થ કરશે તેઓને ઉપરોક્ત સમ્માનથી વધાવવામાં આવશે. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વીડિયો દ્વારા સર્વ સ્પર્ધાર્થીઓને આશીર્વાદ તથા અભિનંદન આપ્યાં. પૂજ્ય કોઠારી સ્વામીએ આશીર્વાદ આપતાં કહ્યું કે સિદ્ધાંતકારિકાઓ ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતોના સારરૂપ છે. આ સિદ્ધાંતની વાતો તમે મુખપાઠ કરી તેથી બધા સત્પુરુષો ખૂબ ખૂબ રાજી થાય છે. સભાના અંતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વીડિયો દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા.

આમ, અક્ષરપુરુષોત્તમદર્શન મુખપાઠ ઉત્સવ ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાથી ઊજવાયો.

અધિવેશન બાદ જ્યારે વિદ્યાર્થીઓ નવસારીમાં પરમ પૂજ્ય સ્વામીશ્રી પાસે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓ ઉપર અઢળક પ્રસન્નતા વરસાવી હતી. ◆

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ ખાતે વિદ્યામંદિરનો ખાતવિધિ તથા ગુણાતીત પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની પદરજથી પાવન થયેલા જૂનાગઢને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય શિખરબદ્ધ મંદિરની ભેટ અર્પી છે. આ મંદિરની છત્રછાયામાં અનેક સામાજિક અને આધ્યાત્મિક સેવાપ્રવૃત્તિઓ ગતિમાન છે. આ સેવાપ્રવૃત્તિઓમાંનું જ એક એટલે શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરતું – બી.એ.પી.એસ. છાત્રાલય. પવિત્ર વાતાવરણ, સંસ્કાર અને સત્સંગ સાથે શિક્ષણ પ્રાપ્ત થતું હોવાથી આ છાત્રાલય વિદ્યાર્થીઓ માટે અનુપમ સ્થાન બની ગયું છે. પરિણામે વિદ્યાર્થીઓનો ધસારો વધવા લાગ્યો છે. તેથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અહીં ૧૦૦૦ વિદ્યાર્થીઓ રહીને અભ્યાસ કરી શકે તે માટે નૂતન વિદ્યામંદિરના નિર્માણનો આરંભ કરાયો છે.

પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૭-૧૧-૨૦૧૯ના રોજ પૂજેલી ઇષ્ટિકાઓનો સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે તા. ૧૫-૧૨-૨૦૧૯ના રોજ સંપન્ન થયો હતો. આ પ્રસંગે અનેક ભક્તો-ભાવિકો મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યામંદિરના આ ખાતવિધિ પ્રસંગે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં છાત્રાલયની વિવિધ પ્રવૃત્તિઓનું નિદર્શન વિવિધ માધ્યમો દ્વારા કરવામાં આવ્યું હતું. પૂજ્ય અપૂર્વમુનિદાસ સ્વામીએ પ્રાસંગિક વક્તવ્ય દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે ઉપસ્થિત સૌ ભક્તો-ભાવિકોને માહિતગાર કર્યા હતા. અંતમાં, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં.

સાથે સાથે, જૂનાગઢની આ સોરઠી ધરતી પર ૪૦ વર્ષ સુધી બ્રહ્મવિદ્યાની ધૂણી ધખાવીને બિરાજેલા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની સ્મૃતિમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ ખાતે 'ગુણાતીત પ્રદર્શન'નું નિર્માણ થયું છે. આ પ્રદર્શનખંડનો ઉદ્‌ઘાટન વિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે તા. ૧૬-૧૨-૨૦૧૯ના સંપન્ન થયો હતો. હવે જૂનાગઢની યાત્રાએ આવનારા સૌ કોઈ આ ગુણાતીત દર્શન દ્વારા ગુણાતીત યાત્રાનો આનંદ માણશે. ◆





ભક્તરાજ ડૉ. રસિકભાઈ હરિભાઈ પટેલ, અમદાવાદ, ઉં.વ. ૬૭, અક્ષરવાસ તા. ૧૯-૨-૨૦૨૦



અમદાવાદના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી રસિકભાઈ પટેલ મૂળ અમદાવાદ પાસેના રકનપુરના વતની. પૂજ્ય સદ્ગુરુ સંતવલ્લભદાસ સ્વામીના સત્સંગથી રંગાયેલું તેમનું કુટુંબ. યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર તેમના પિતાશ્રી શ્રી હરિભાઈએ વર્ષો સુધી જબલપુરમાં રહીને એક અગ્રણી ભક્તરાજ તરીકે ખૂબ સેવાઓ કરી હતી. પિતાનો એ સેવાનો વારસો ડૉક્ટર શ્રી રસિકભાઈએ વધુ ભક્તિભાવથી નિભાવ્યો હતો. સ્વયં તબીબ હોવા છતાં ઉદ્યોગ-વેપારમાં તેમણે ખૂબ પ્રગતિ કરી હતી. આમ છતાં એક અદના હરિભક્ત તરીકે તેમણે તન-મન-ધનથી સંસ્થામાં ખૂબ સેવાઓ કરીને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો અપાર રાજીપો મેળવ્યો હતો. ૧૯૮૫ના ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ પર્વે તેમના નિવાસસ્થાને પ્રમુખસ્વામી મહારાજે નિવાસ કર્યો હતો, ત્યારબાદ તેમના ઘરે સતત ૨૬ વર્ષ સાપ્તાહિક સત્સંગસભાઓ થતી રહી, જેમાં માત્ર યજમાન તરીકે નહીં, એક ખપવાળા શ્રોતા તરીકે તેમણે એક આદર્શ પૂરો પાડ્યો. વ્યવસાય-વ્યવહારમાં ખૂબ વ્યસ્ત હોવા છતાં એક પણ રવિવારની સભા તેઓ ચૂક્યા નથી. આર્થિક સેવાઓની સાથે એક આદર્શ ભક્ત તરીકે તેમણે સેવા અને સમજણનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમની વિદાયથી બી.એ.પી.એસ. સંસ્થાને એક દાનવીર, આદર્શ ભક્તની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ ગિરધરલાલ સેજપાલ, ગાંધીનગર, ઉં.વ. ૯૬, અક્ષરવાસ તા. ૧૬-૮-૨૦૧૯



સન ૧૯૪૭માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ કરાચી પધાર્યા ત્યારે ગિરધરલાલ સેજપાલના સસરા શ્રી મોહનલાલ હરિભાઈ અઢિયાના નિવાસસ્થાને સાત દિવસીય સત્સંગ પારાયણ યોજાયું હતું, ત્યારે ગિરધરલાલે વિશેષ સેવા કરી હતી. ત્યારબાદ બે વર્ષ પછી તેઓ ગોંડલમાં યોગીજી મહારાજના યોગમાં આવ્યા ને સત્સંગનો રંગ લાગ્યો. અને સત્સંગનો એ રંગ જીવનભર ચડતો ને ચડતો રહ્યો. સન ૧૯૫૫માં યોગીજી મહારાજ વિદેશયાત્રા બાદ રાજકોટ પધાર્યા ત્યારે ગિરધરલાલે ભાવભીનું સ્વાગત અને નગરયાત્રાની સમગ્ર સેવા મહિમાપૂર્વક કરી હતી. ગઢપુર મંદિરના કળશ મહોત્સવમાં તેઓના બે પુત્રો અક્ષરનિવાસી થયા છતાં શ્રીહરિને સર્વકર્તા માનીને દૃઢતાપૂર્વક સેવાકાર્યમાં જોડાઈ રહ્યા. કથાવાર્તાનું અંગ હોવાથી ગાંધીનગરમાં સન ૧૯૭૦થી યોજાતી ફરતી અઠવાડિક સત્સંગસભામાં તેમજ હરિમંદિરમાં પૂજારી તરીકેની સેવા દરમ્યાન પણ કથાવાર્તા કરીને અનેક ભક્તોના જીવનમાં સત્પુરુષનો મહિમા દૃઢાવ્યો હતો. રવિ સત્સંગસભા અને સત્સંગવાંચનનો નિયમ જીવનની અંતિમ અવસ્થા સુધી અફર રહ્યો. સંસ્થા દ્વારા ઊજવાયેલા મહોત્સવોમાં પણ તેમણે તન, મન અને ધનથી સેવા કરીને સત્સંગમય જીવન જીવીને ગુણાતીત ગુરુવર્યોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ભક્તરાજ પ્રાગજીભાઈ દેવરાજભાઈ આંકોલિયા, ગાંધીનગર, ઉં.વ. ૬૫, અક્ષરવાસ તા. ૯-૧-૨૦૨૦



શ્રી પ્રાગજીભાઈ આંકોલિયા મૂળ ચરખડીના વતની. બાળપણથી તેઓને યોગીજી મહારાજનો યોગ થયો અને સત્સંગના રંગે રંગાયા. ગાંધીનગરમાં સચિવાલયના ઉચ્ચ શૈક્ષણિક વિભાગના વહીવટી અધિકારી તરીકે ૩૯ વર્ષ સુધી કાર્યરત રહ્યા. આ સમય દરમ્યાન તેઓ ગાંધીનગરની આસપાસના વિસ્તારોની સત્સંગશિક્ષણ પરીક્ષાની સેવાઓ સતત ૧૨ વર્ષ સુધી કરતા રહ્યા. નિવૃત્તિ બાદ પોતાના પુત્ર સાથે આફ્રિકા સ્થાયી થવાનો તેઓનો વિચાર હતો, પરંતુ તે જ સમયે સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સંસ્કૃત મહાવિદ્યાલયમાં એડમિનિસ્ટ્રેટરની જરૂર પડતાં તેઓએ પોતાનું તન, મન, ધન સેવામાં હોમી દીધું. મહાવિદ્યાલયની વિવિધ સેવાઓ સતત પાંચ વરસ નિષ્ઠાપૂર્વક કરી. કથા, આરતી, નિયમ, ચેષ્ટા વગેરેમાં દૃઢતા સાથે વિશુદ્ધ ભક્તિભાવ, સમજણનું દૃઢ અંગ. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજનો અઢળક રાજીપો પ્રાપ્ત કરનાર તેઓના અક્ષરવાસથી એક સમર્પિત ભક્તની અપૂરણીય ખોટ પડી છે. હાર્દિક શ્રદ્ધાંજલિ.

શ્રી નરહરિભાઈ બ્રહ્મભટ્ટ, ઝારોલા, ઉં.વ. ૬૨, અક્ષરવાસ તા. ૧૫-૨-૨૦



બોરસદ તાલુકાના ઝારોલા ગામના વતની નરહરિભાઈ રતિલાલ બ્રહ્મભટ્ટે છેલ્લાં ૫૦ વર્ષથી ગઢપુર મંદિરમાં ઉતારાથી લઈને મંદિરના મુખ્ય હિસાબનીશ તરીકે સેવાઓ આપી હતી. સમગ્ર જીવન બી.એ.પી.એસ. મંદિર, ગઢડાની સેવામાં સમર્પિત કરનાર આ મૂક સેવકના અક્ષરવાસથી અપૂરણીય ખોટ પડી છે. અપેક્ષા રહિત સેવામય જીવન જીવનાર આ પ્રામાણિક ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.


શ્રી પ્રભાકરભાઈ પટેલ, હ્યુસ્ટન, ઉં.વ. ૭૪, અક્ષરવાસ તા. ૮-૨-૨૦૨૦



સારસાના વતની અને વ્યવસાયે શિક્ષક શ્રી પ્રભાકરભાઈ કાંતિલાલ પટેલને સન ૧૯૭૩માં પ્રમુખસ્વામીજીનો યોગ થયો અને જીવન સત્સંગમય બની ગયું. ૧૯૯૦થી અમેરિકામાં હ્યુસ્ટન ખાતે સ્થાયી થઈ સતત ૩૦ વર્ષ સુધી સેવા-ભક્તિમય રહેનાર તેમણે અમેરિકાનાં વિભિન્ન બી.એ.પી.એસ. મંદિરોમાં પૂજારીની સેવાઓ આપી ગુરુવર્યોનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ.







મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે વિશ્વના સૌથી ઊંચા વિશ્વ ઉમિયાધામનો શિલાન્યાસવિધિ

અમદાવાદમાં પાટીદાર સમાજ દ્વારા વિશ્વનું સૌથી ઊંચું ગૌરવવંતું વિશ્વ ઉમિયાધામ રચાશે. ૪૩૧ ફૂટ ઊંચાઈ ધરાવતા આ શ્રી ઉમિયા માતા મંદિરના ભવ્ય શિલાન્યાસ પૂર્વે, આ શિલાઓનો વેદોક્ત પૂજનવિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ અટલાદરા ખાતે કર્યો હતો. મંદિરના પાયામાં સ્થપાનાર બ્રહ્મશિલા, નિધિકુંભ વગેરેનું પૂજન કરીને સ્વામીશ્રીએ મંદિર વહેલામાં વહેલી તકે નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે પ્રાર્થના સાથે વિશ્વ ઉમિયાધામના ટ્રસ્ટીઓ અને સૂત્રધારોને આશીર્વાદ આપ્યા હતા. એ અવસરની કેટલીક સ્મૃતિછબિઓ...

Swaminarayan Prakash Gujarati, March-2020, Published on 1-3-2020. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.







વડોદરામાં મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડના ઐતિહાસિક લક્ષ્મીવિલાસ પેલેસમાં મહંત સ્વામી મહારાજની પધરામણી

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી લઈને આજપર્યંત વડોદરાના રાજવી પરિવાર - શ્રીમંત ગાયકવાડ સરકાર સાથે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો એક આત્મીય સંબંધ રહ્યો છે. એ શૃંખલામાં સન ૧૯૮૯માં વડોદરાના જગવિખ્યાત રાજમહેલ લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું ભવ્ય સ્વાગત કરીને તત્કાલીન મહારાજા શ્રી રણજિતસિંહજી ગાયકવાડે સ્વામીશ્રી પ્રત્યે શ્રદ્ધાભાવ અને ભક્તિ વ્યક્ત કર્યાં હતાં. એ જ પરંપરાને અનુસરીને વર્તમાન મહારાજા શ્રીમંત સમરજિતસિંહજી ગાયકવાડે લક્ષ્મીવિલાસ પૅલેસમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ભાવપૂર્વક પધરાવીને તેમનો રાજવી શૈલીમાં આદરસત્કાર કર્યો હતો. મહંત સ્વામી મહારાજે મહારાજા શ્રી સયાજીરાવની પારંપરિક રાજગાદી પર પુષ્પહાર પધરાવીને આ યશસ્વી રાજવી પરંપરાને આદર આપ્યો હતો. આ ભવ્ય રાજમહેલ એક વધુ વખત ગુણાતીત ગુરુહરિના સ્પર્શથી પાવન થયો તેથી ધન્યતા અનુભવતા મહારાજા શ્રી સમરજિતસિંહજીએ પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદ પામીને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. જ્યાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ભવ્ય સન્માન સમારોહ થયો હતો એ જ સ્થળે મહારાજા શ્રી સમરજિતસિંહજી અને મહંત સ્વામી મહારાજની યાદગાર સ્મરણીય છબિ...

Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas